સુવિચાર

પરિસ્થિતિઓ થી માણસ જેટલું તૂટે છે, એનાથી કેટલાય ગણુ વધારે પરિસ્થિતિઓ માણસને અંદરથી મજબૂત બનાવી દે છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 271, Dt.26-08-2023 (Saturday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

વિક્રમ લેન્ડીંગ સ્થળ 'શિવશકિત પોઈન્ટ' તરીકે ઓળખાશેઃ મોદી

ચંદ્રની ધરતી પર ચંદ્રયાન-૨ના પદચિન્હો 'તિરંગા' તરીકે ઓળખાશેઃ તા.૨૩ ઓગષ્ટે નેશનલ સ્પેસ ડે તરીકે પણ ઉજવવા વડાપ્રધાનની જાહેરાત

બેંગ્લોર,તા.૨૬ઃ ભારતના ઐતિહાસિક-મીશન મુન અભિયાનમાં ચંદ્રયાન-૩ મારફત અવકાશમાં લાખો માઈલ દુર આવેલા પૃથ્વીના આ ઉપગ્રહની વણખેડાયેલ ભૂમિ પર જે રીતે લેન્ડર વિક્રમનું ઉતરાણ તથા વિવિધ બોજ, અભ્યાસ, સંશોધન માટે રોવર-'પ્રજ્ઞાન'ની પણ સફળ શરુઆતને વધાવવા ગ્રીસથી સીધા બેંગ્લોર પહોચી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટીમ ઈસરોની પીઠ થાબડીને તેઓ દેશ માટે ગૌરવરૂપ અથવા વિશ્વ માટે એક આદર્શ હોવાનું જણાવ્યું હતું. ગત તા.૨૩ના રોજ જયારે લેન્ડર વિક્રમે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરાણ કર્યુ

તે સમયે વડાપ્રધાન મોદી દક્ષિણ આફ્રિકાના જોહનીસબર્ગમાં જી.૨૦ દેશોની શિખર પરિષદમાં હાજરી આપી રહ્યા હતા. પરંતુ તેઓએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી આ ઐતિહાસિક લેન્ડીંગ નિહાળ્યું હતું અને ત્યાંજ દેશને સંબોધીત કર્યા હતા.વડાપ્રધાન મોદી આજે સવારે ગ્રીસના એથેન્સથી સીધા બેંગ્લોર પહોંચ્યા હતા તથા વિમાની મથકથી તેઓ ઈસરોના ટેલીમેન્ટ્રી ટ્રેકીંગ એન્ડ કમાન્ડ નેટવર્ક મીશન કંટ્રોલ કોમ્પ્લેકસ પહોંચ્યા હતા જયાં ટીમ ઈસરોએ વડાપ્રધાનનું સ્વાગત કર્યુ હતું. વડાપ્રધાન મોદીએ બાદમાં વૈજ્ઞાનિકો-એન્જીનીયર્સ તથા આ અભિયાનમાં યોગદાન આપનાર ટીમ-ઈસરોને સંબોધતા જાહેર કર્યુ કે લેન્ડર વિક્રમે ચંદ્રની ધરતી પરના દક્ષિણ ધ્રુવ તરીકે ઓળખાતા જે ભૂમિ પર લેન્ડીંગ કર્યુ તે હવે શિવશકિત પોઈન્ટ તરીકે ઓળખાશે.

ભારત સરકારે આ નામાકરણ કરવા નિર્ણય લીધો છે તથા ચંદ્રયાન-૨ જે અગાઉ ચાંદ પર ઉતરતા સમયે તેના લેન્ડરનું ક્રેશ લેન્ડીંગ થયું હતું તેના પગના જયાં નિશાન છે તેને તિરંગા પોઈન્ટ તરીકે ઓળખવામાં આવશે.વડાપ્રધાન મોદીએ વધુ એક મહત્વની જાહેરાતમાં તા.૨૩ ઓગષ્ટનો દિન ભારતના સ્પેસ અભિયાન ઈતિહાસમાં ખૂબજ મહત્વનો બની ગયો હોવાથી હવે દર વર્ષે તા.૨૩ ઓગષ્ટને 'નેશનલ સ્પેસ-ડે' તરીકે મનાવવા જાહેરાત કરી હતી જેને ઈસરોની ટીમ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી. વડાપ્રધાન મોદીએ ઈસરોના એ કોન્ફરન્સ રૂમમાં પહોચતા જ ઈસરોના વડા એસ.સોમનાથની પીઠ થાબડી હતી અને કહ્યું કે દેશને ઈસરો માટે ગર્વ છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે આપ સર્વેની જેટલી પ્રશંસા કરુ તે ઓછી છે. આ મુન લેન્ડરની તસવીરમાં અંગદના પગની જેમ મજબુત રીતે ચીનની ધરતી પર મંડાઈ ગયો છે. એક તરફ વિક્રમનો વિશ્વાસ છે તો બીજી તરફ પ્રજ્ઞાનનું પરાક્રમ છે. આપણું પ્રજ્ઞાન સતત ચંદ્ર પર તેના પદચિન્હ છોડી રહ્યું છે. કેમેરાની જે તસ્વીરો મળી છે તે અદ્વિતીય છે. આ તસ્વીર વિશ્વને દેખાડવાનું કામ ભારતે કર્યુ છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે તમામ દ્વારા જે પ્રયાસો કર્યા તે અદભૂત છે. નિષ્ફળતા કદી અંતિમ હોતી નથી તે તેઓએ સાબીત કરી દીધુ છે. આજે પણ મારી આંખોની સામે ૨૩ ઓગષ્ટનો એ દિન અને તેની લેન્ડીંગની એક એક ક્ષણ ફરી રહી છે. આ પ્રકારની ઘડી બહુ ઓછી આવે છે.દુનિયાભરમાં ડંકો વગાડનારી ભારતની ચંદ્રયાન-૩ની ઐતિહાસિક સિદ્ધિ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચંદ્રના વિવિધ ભાગોના નામકરણ કર્યા હતા. લેન્ડરનું ચંદ્રના જે ભાગ પર લેન્ડીંગ થયું તેને શિવશકિત નામ આપવામાં આવ્યુ છે. 'શિવશકિત' નામ આપવામાં પાછળનું કારણ એવું દર્શાવ્યુ છે કે ભગવાન શિવમાં માનવતાના કલ્યાણનો સંકલ્પ છે અને શકિત થકી આ સંકલ્પો પુર્ણ કરવાનુ સામર્થ્ય પ્રાપ્ત થાય છે. ચંદ્રમાનો શિવશકિત પોઈન્ટ હિમાલયથી કન્યાકુમારી જોડાયેલા હોવાનું જ્ઞાન આપે છે વડાપ્રધાને ભારતીય ઋષિઓને સંસ્કૃત શ્લોક પણ ટાંકયો હતો જેનો અર્થ એવો થાય છે કે જે મનથી આપણે કર્તવ્ય કર્મ કરીએ છીએ, વિચાર અને વિજ્ઞાનને ગતિ આપીએ છીએ અને જે માનવમાત્રની ભીતર મૌજૂદ છે તે ગત શુભ અને કલ્યાણકારી સંકલ્પોથી જોડાય. મનના આ શુભ સંકલ્પો પુરા કરવા માટે શકિતના આશિર્વાદ જરૂરી છે. આ શકિત આપણી નારી શકિત છે. આપણી માતા-બહેનો છે.

સળંગ ૬ વર્ષથી 'સ્વચ્છ શહેર'નો એવોર્ડ જીતતુ ઈન્દોર હવે 'સ્માર્ટ સીટી'માં નંબર-૧

સુરત બીજા ક્રમેઃ રાજયોની કેટેગરીમાં મધ્યપ્રદેશ મોખરે

નવી દિલ્હી તા.૨૬ :

સ્વચ્છ શહેર તરીકે સળંગ છ વર્ષથી ઓળખ ધરાવતા મધ્યપ્રદેશનું ઈન્દોર હવે સ્માર્ટસીટીમાં પણ નંબર-વન બન્યુ છે જયારે સ્માર્ટ રાજયમાં મધ્યપ્રદેશ નંબર-વન છે. સ્વચ્છતા માટે જાણીતા ઈન્દોરને ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ 'નેશનલ સ્માર્ટ સીટી એવોર્ડ'ના લિસ્ટમાં મોખરાનું સ્થાન મળ્યું છે.

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલી સ્પર્ધાની ચોથી આવૃતિમાં ૧૦૦ સ્માર્ટ સીટીમાંથી ઈન્દોર પહેલું સ્થાન મેળવવામાં સફળ રહ્યું છે. ગુજરાતમાંથી સુરતને બીજો ક્રમ મળ્યો છે, જયારે આગ્રા ત્રીજા સ્થાને રહ્યું છે. 'ઈન્ડિય સ્માર્ટ સીટીઝ એવોર્ડ કોન્ટેસ્ટ ની ચોથી આવૃતિના

૨૦૨૨ માટેનું પરિણામ શુક્રવારે જાહેર કરાયું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૨૭ સપ્ટેમ્બરે મધ્યપ્રદેશમાં ઈન્દોર ખાતે જ આઈએસએસી ૨૦૨૨ના એવોર્ડસ એનાયત કરશે. રાજયોમાં મધ્યપ્રદેશ અને તામિલનાડુને ઉત્તમ પ્રદર્શન માટે અનુક્રમે પહેલું અને બીજું સ્થાન મળ્યું છે.

જયારે રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ સંયુક્ત રીતે ત્રીજા ક્રમે રહ્યા છે. કેન્દ્રશાસીત પ્રદેશોમાં ચંદીગઢ મોખરે રહ્યું છે. સ્માર્ટ સીટીઝ મીશન (એસસીએમ)ની શરૂઆત ૨૦૧૫માં ૨૫ જૂને કરવામાં આવી હતી. તેનો હેતુ 'સ્માર્ટ સોલ્યુશન્સ'ની મદદથી નાગરિકોને કોર ઈન્ફ્રાસ્ટ્રકચર, સ્વચ્છ અને ટકાઉ પર્યાવરણનો માહોલ પુરો પાડવાનો તેમજ જીવનની ગુણવતામાં સુધારો કરવાનો હતો. આઈએસએસી ૨૦૨૨ માટે ૮૦ સ્માર્ટ સીટી તરફથી ૮૪૫ નોમીનેશન મળ્યા હતા.

વર્ષમાં ૧૦ દિવસ બાળકો સ્કુલ બેગ વિના સ્કૂલ જશે

આર્ટસ, સ્પોર્ટસ સહિત વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતોનો પણ છાત્રોને લાભ અપાશેઃ નેશનલ કરિકુલમ ફ્રેમવર્કમાં કલાસ બહારની દુનિયા પર જોર : વર્ષમાં બોર્ડ બે વાર પરીક્ષા લેશે પણ પરીક્ષા એક આપવી કે બે તે છાત્ર પર નિર્ભર રહેશે

નવી દિલ્હી, તા. ૨૬

વર્ષમાં ૧૦ દિવસ સ્કૂલ બેગ વિના છાત્રો સ્કુલ જશે. સ્કુલ શિક્ષણ માટે જાહેર કરવામાં આવેલ નેશનલ કરીકુલમ ફ્રેમવર્ક (એનસીએફ)માં એ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે કલાસરૂમ ટીચીંગ માત્ર પુસ્તકોની દુનિયા નથી, છાત્રોની વિભિન્ન ક્ષેત્રોના નિષ્ણાંતો સાથે મુલાકાત કરાવવી જોઇએ.

આર્ટસ, સ્પોર્ટસ, વોકેશનલ એજયુકેશન સાથે જોડાયેલા વિશેષજ્ઞોએ પોતાના અનુભવો છાત્રોને જણાવવા જોઇએ. ઉચ્ચ શિક્ષણમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) એ આવી જોગવાઇ કરી છે.

શાળાઓમાં વાર્ષિક કેલેન્ડરમાં ૧૦ દિવસ બેગ વિનાના હશે. અર્થાત આ ૧૦ દિવસ છાત્રો સ્કુલ બેગ વિના અને પાઠય પુસ્તકો વિના સ્કુલ જશે. શાળાની એ જવાબદારી રહેશે કે તે આ ૧૦ દિવસ બાળકોને ફિલ્ડ વિઝીટ સ્થળ પર મુલાકાત કરાવે, ગામ, તાલુકો જિલ્લાની શિક્ષણ સંસ્થાઓનો પ્રવાસ કરાવશે.

શહેરના ઐતિહાસિક સ્થળોના બારામાં બતાવવું. બોર્ડ એક વર્ષમાં બે વાર પરીક્ષા લેશે પરંતુ તે છાત્ર પર નિર્ભર રહેશે કે તે બંને પરીક્ષામાં સામેલ થવા માગે છે કે એક પરીક્ષા દેવા માંગે છે બંને વાર બોર્ડ એકઝામની પેટર્ન કેવી હશે, તેને લઇને ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવે છે અને તેમાં સમય પણ લાગશે.

એનસીએફમાં જોગવાઇ કરાઇ છે કે સ્કુલોમાં કમ સે કમ ૧૮૦ દિવસના વર્ગો રહેશે. તેમાં ૨૨૦ દિવસ સ્કુલ કાર્ય દિવસ હશે. ૨૦ દિવસ એએસમેન્ટ અર્થાત મુલ્યાંકન અને ૨૦ દિવસ સ્કુલોમાં થનારી અલગ અલગ ગતિવિધિઓ માટે નકકી કરી શકાશે. મહિનામાં બે શનિવાર હાફ ડેનું મોડેલ અનુસરવામાં આવશે. પ્રિપરેટી અને મિડલ સ્કુલ માટે એક કલાસની ૪૦ મિનિટ અને ૯મી ૧૨મી કલાસ માટે ૫૦ મિનિટ રહેશે ૩ થી ૬ વર્ષના બાળક માટે સ્કુલ ટાઇમીંગ સવારના ૯.૩૦ વાગ્યાથી શરૂ થશે.

તા.૩૦ ઓગષ્ટ-રક્ષાબંધનના દિને બેન્કો પણ બંધ રહેશેઃ 'રજા' જાહેર

અમદાવાદ,તા.૨૬ઃ ગુજરાત સરકારે તા.૩૦ના રોજ રક્ષાબંધની રજા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ જાહેર કરી છે. અગાઉ આ રજા રાજય સરકારની કચેરીઓમાં તથા અન્ય સરકારી જાહેર સાહસો અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં 'જાહેર રજા' તરીકે ગણાવવામાં આવી હતી. પરંતુ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ તે જાહેર થઈ નહી હોવાથી બેન્કો તથા વિમા કંપનીઓ, નાણાકીય સંસ્થાઓ રક્ષાબંધનની રજા લાગુ પડતી ન હતી જેમાં રાજય સરકાર પાસે વ્યાપક રજુઆત થતા તે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ 'રજા' જાહેર કરતા હવે બેન્ક વિમા સહિતના કર્મચારીઓને પણ તા.૩૦ના રોજ 'રજા'નો લાભ મળશે. આમ તા.૩૦ ઓગષ્ટ બુધવારના રોજ બેન્કો પણ બંધ રહેશે.

તામિલનાડુ : ટ્રેનમાં વિકરાળ આગ : ૧૦ પ્રવાસીના મોત

મદુરાઇ નજીક વ્હેલી સવારની ઘટના : કોચમાં ગેરકાયદેસર રીતે લઇ જવાતા'તા ગેસ સીલીન્ડર લખનૌથી રામેશ્વરમ જઇ રહી હતી ટ્રેન : મૃતકો બધા યુપીના : ૨૦ પ્રવાસીઓ ઇજાગ્રસ્ત

ચેન્નાઈ, તા.૨૬ઃ તમિલનાડુના મદુરાઈમાં એક મોટો અકસ્માત થયો છે. મદુરાઈમાં ટ્રેનના કોચમાં ભીષણ આગ લાગી હતી. આ અકસ્માતમાં દસ લોકોના મોત થયા છે. આ દરમિયાન ૨૦ અન્ય લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર, મદુરાઈ રેલ્વે સ્ટેશન નજીક બોડી લેનમાં પાર્ક કરેલી પ્રવાસી ટ્રેનમાં શનિવારે વહેલી સવારે આગ લાગી હતી. ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે કેટલાક મુસાફરો ગેસ સિલિન્ડર લઈને પહોંચ્યા હતા. જેના કારણે ટ્રેનના કોચમાં આગ લાગી હતી. થોડી જ વારમાં આગ વધુ વિકરાળ બનવા લાગી હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, ટ્રેન લખનૌથી રામેશ્વરમ જઈ રહી હતી. તેને પુનાલુર મદુરાઈ એક્સપ્રેસ કહેવામાં આવી રહી છે. જીવ ગુમાવનારા મોટાભાગના લોકો ઉત્તર પ્રદેશના છે. આગની ઘટના સવારે ૫.૧૫ વાગ્યાની આસપાસ નોંધાઈ હતી. તે સમયે ટ્રેનને મદુરાઈ યાર્ડ જંકશન પર રોકી દેવામાં આવી હતી. દક્ષિણ રેલવેનું કહેવું છે કે ટ્રેનના પ્રાઈવેટ પાર્ટી કોચમાં મુસાફરો ગેરકાયદેસર રીતે ગેસ સિલિન્ડરની દાણચોરી કરી રહ્યા હતા. જેના કારણે આગ લાગી હતી. ઘાયલોને સારવાર માટે મદુરાઈની સરકારી રાજાજી કોલેજમાં દાખલ કરવામાં આવ્યા છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગની ઘટના સવારે ૫.૧૫ વાગ્યે મદુરાઈ યાર્ડ જંકશન પર ટ્રેનને રોકવામાં આવી હતી ત્યારે તેની જાણ થઈ હતી. રેલવેના જણાવ્યા અનુસાર કેટલાક મુસાફરો ગેસ સિલિન્ડર લઈને ગેરકાયદેસર રીતે કોચમાં પ્રવેશયા હતા. આગનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં જોવા મળી રહ્યું છે કે કોચમાં ભીષણ આગ લાગી છે અને આસપાસ કેટલાક લોકો બૂમો પાડી રહ્યા છે.આ દરમિયાન બાજુના રેલવે ટ્રેક પરથી એક ટ્રેન પણ પસાર થઈ રહી છે. ફાયર વિભાગે ઘટના સ્થળે પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આ દરમિયાન ટ્રેનનો કોચ ખરાબ રીતે સળગી ગયેલો જોવા મળે છે.

રેલવેએ જણાવ્યું કે લોકોએ ગેરકાયદેસર રીતે ગેસ સિલિન્ડર લીધા હતા, જેના કારણે આગ લાગી હતી. રેલ્વે નિયમો અનુસાર, રેલ્વે કોચની અંદર કોઈપણ જ્વલનશીલ સામગ્રી લઈ જવા પર સખત પ્રતિબંધ છે. જે કોચમાં આગ લાગી તે ખાનગી કોચ હતો. રેલવેના જણાવ્યા અનુસાર, સ્ટેશન ઓફિસર દ્વારા ૨૬.૮ના રોજ સવારે ૫.૧૫ વાગ્યે મદુરાઈ યાર્ડમાં એક ખાનગી પાર્ટીના કોચમાં આગ લાગવાની જાણ કરવામાં આવી હતી. તાત્કાલિક ફાયર સર્વિસને જાણ કરવામાં આવી હતી અને ફાયર ટેન્ડર ૫.૪૫ વાગ્યે અહીં પહોંચ્યા હતા. ૭.૧૫ વાગ્યે આગ બુઝાવી દેવામાં આવી હતી. અન્ય કોચને કોઈ નુકસાન નથી. આ એક પ્રાઈવેટ પાર્ટી કોચ છે જે ગઈકાલે નાગરકોઈલ જંકશન ખાતે ઉમેરવામાં આવ્યો હતો. પાર્ટીના કોચને અલગ કરીને મદુરાઈ સ્ટેબલિંગ લાઈન પર રાખવામાં આવ્યા છે.

રસરંગ લોકમેળાની તડામાર તૈયારીઓ...

તસવીરઃદિલીપ ગોહેલ

રેસકોર્ષ ગ્રાઉન્ડમાં લોકમેળાના મુખ્ય સ્ટેજ અને સ્ટોલ ઉભા કરવાની કામગીરી શરૂ ચગડોળ તેમજ યાંત્રિક રાઈડસના માલ સામાન સાથે ટ્રકો પણ રેસકોર્ષ ગ્રાઉન્ડમાં પહોંચ્યા

રાજકોટ તા.૨૬ : રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર અને લોકમેળા સમિતિ દ્વારા આગામી તા. ૫થી ૯ સપ્ટેમ્બર દરમિયાન રેસકોર્ષ ગ્રાઉન્ડમાં રસરંગ લોકમેળાનું આયોજન કરાયું છે. આ લોકમેળાની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. જેમાં આ વખતે લોકમેળામાં પ્રથમવાર કંટ્રોલરૂમમાં ફરજ બજાવનારા કર્મચારીઓને કોમ્યુનિકેશન માટે વોકીટોકી આપવામાં આવનાર છે. તેમજ કલેક્ટર કચેરી ખાતે ૨૪ કલાકના કંટ્રોલરૂમ પણ ઉભો કરવામાં આવનાર છે. પ્રાંત અધિકારી વિવેક ટાંકનાં જણાવ્યા મુજબ રસરંગ લોકમેળામાં કંટ્રોલરૂમમાં ફરજ બજાવનારા કર્મચારીઓ અત્યાર સુધી મોબાઇલ મારફતે એક બીજા સાથે સંદેશા વ્યવહાર કરતા હતા પરંતુ, આ વખતે કંટ્રોલ રૂમના બધા કર્મચારીઓને ૩૦ વોકીટોકી સેટ (૬૦ વોકીટોકી) અપાશે. આ માટેની ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. આમ આ વખતે લોકમેળામાં કર્મચારીઓ વોકીટોકીથી સજજ જોવા મળશે અને કલેક્ટર કચેરીમાં ૨૪ કલાકનો એક મળી કુલ ૪ કંટ્રોલરૂમ ઉભા કરવામાં આવશે. કંટ્રોલરૂમની વિગતો આપતા તેઓએ જણાવ્યું હતું કે, કલેકટર હસ્તકનો મુખ્ય કંટ્રોલરૂમ ઉપરાંત પોલીસ, આર એન્ડ બી, ઇલેકટ્રીક અને મ્યુ. કોર્પોરેશન એમ મુખ્યત્વે ૪ કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. કલેકટર કચેરી હસ્તકના મુખ્ય કંટ્રોલ રૂમમાં ૮ કલાકની ૩ શિફટમાં કર્મચારીઓ ફરજ બજાવશે. જેમાં દરેક શિફટમાં એક મામલતદાર અને અન્ય ૪ કર્મચારીઓ ફરજ પર હાજર રહેશે. આ માટે ૧૦૦થી વધુ કર્મચારીઓના ઓર્ડર કરાશે. કર્મચારીઓના નામો જિલ્લાની વિવિધ કચેરીઓ પાસેથી મંગાવવામાં આવેલ છે. ઉલ્લેખનીય છે કે, લોકમેળામાં કલેકટર કચેરી હસ્તકના કંટ્રોલરૂમમાં લોકોની ફરિયાદો લેવાશે. આ માટે રજિસ્ટર પણ મેઇન્ટેન કરાશે. કલેકટર કચેરી હસ્તકના કંટ્રોલરૂમમાં રાઇડસ કે ચીજવસ્તુઓના કોઇ વેપારી વધુ ભાવ લેતા હોય તો આ અંગેની ફરિયાદ લોકો કંટ્રોલરૂમમાં કરી શકાશે. કંટ્રોલરૂમમાં જે કર્મચારીઓના ફરજનાં ઓર્ડર થાય તેઓને મેળો શરૂ થાય તે પહેલા જ મેળાના સ્થળે લઇ જઈ બેઝીક તાલીમ પણ આપવામાં આવનાર છે.

શીતલપાર્ક મેઈન રોડ પર રીક્ષામાં ૮૪ બોટલ વિદેશી દારૂની ડીલવરી આપવા નીકળેલો શખ્સ ઝડપાયો

રાજકોટ,તા.૨૬

સાતમ આઠમના તહેવારો જેમ જેમ નજીક આવી રહયા છે તેમ બુટલેગરો પણ દારૂના ધંધામાં કમાઈ લેવાની લ્હાઈમાં દારૂનો વેપલો પુરજોશમાં ચાલુ કર્યો હોય ત્યારે ક્રાઈમ બ્રાંચના પીઆઈ બી ટી ગોહીલની સુચનાથી પીએસઆઈ એ એસ ગરચર, કોન્સ્ટેબલ એભલભાઈ, મહેશભાઈ, હરપાલસિંહ, સહીતનો સ્ટાફ શીતલપાર્ક મેઈન રોડ પર પેટ્રોલીંગમાં હતા ત્યારે જામનગર રોડ પર બજરંગવાડી પુનીતનગર મેઈન રોડ પર રહેતો ફેઝલમહમદ યાસીન બ્લોચ નામનો શખ્સ ઓટો રીક્ષા નં.જીજે૩ બીયુ ૧૧૨૭ લઈ શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી રીક્ષાની તલાશી લેતા વિદેશી દારૂની ૮૪ બોટલ કિં.૪૨ હજારનો જથ્થો મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી રીક્ષા સહીત રૂ.૧૦૨૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ ગ્રામ્યના નવા પાંચ પોલીસ મથકની જાહેરાત થશે : રજી સપ્ટેમ્બરે ગૃહમંત્રી મેટોડામાં

ગોંડલ સિટી પોલીસના બે ભાગ એ.ડિવિઝન અને બી.ડિવિઝન થશેઃ જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથક, ધોરાજી તાલુકા પોલીસ મથક અને સુલતાનપુર પોલીસ સ્ટેશન સાથે મેટોડામાં નવું પોલીસ મથક સ્થપાશે

રાજકોટ, તા.૨૬

રાજકોટ ગ્રામ્યના નવા પાંચ પોલીસ મથકની જાહેરાત થશે. સંભવતઃ રજી સપ્ટેમ્બર રાજ્ય ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી રાજકોટ નજીકના મેટોડા જીઆઈડીસી ખાતે કાર્યક્રમમાં હાજરી આપશે અને સત્તાવાર જાહેરાત કરશે. ગોંડલ સિટી પોલીસના બે ભાગ એ ડિવિઝન અને બી ડિવિઝન થશે. જ્યારે જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથક, ધોરાજી તાલુકા પોલીસ મથક અને સુલતાનપુર પોલીસ સ્ટેશન સાથે મેટોડામાં નવું પોલીસ મથક સ્થપાશે. આ અંગે સુત્રોમાંથી મળતી વિગત મુજબ, અગાઉ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોડના માર્ગદર્શન મુજબ રાજકોટ જિલ્લા ગ્રામ્ય પોલીસ દ્વારા નવા પાંચ પોલીસ મથકની મંજૂરી આપવા ગૃહ વિભાગમાં દરખાસ્ત કરાઈ હતી. રાજકોટ ગ્રામ્ય પોલીસમાં હાલ રાજકોટ ગ્રામ્ય મહિલા પોલીસ મથક જે ગોંડલ ખાતે કાર્યરત છે. ઉપરાંત આટકોટ, ભાડલા, ભાયાવદર, ધોરાજી, ગોંડલ સિટી, ગોંડલ તાલુકા, જામકંડોરણા, જસદણ, જેતલસર રેલવે, જેતપુર સિટી, જેતપુર તાલુકા, કોટડા સાંગાણી, લોધિકા, પડધરી, પાટણવાવ, શાપર વેરાવળ, ઉપલેટા, વિંછીયા અને વિરપુર પોલીસ મથક કાર્યરત છે. એમ કુલ ૨૦ પોલીસ મથક છે. અને ગોંડલ ડિવિઝન અને જેતપુર ડિવિઝન એમ બે વિભાગમાં ડીવાયએસપી છે. ગોંડલમાં વસ્તી સંખ્યા અને ક્રાઇમના આંકડા જોતા અત્રે વધુ એક પોલીસ મથકની જરૂર જણાતા ગોંડલ સિટી પોલીસ મથકના બે ભાગ પાડી ગોંડલ એ ડિવિઝન પોલીસ અને ગોંડલ બી ડિવિઝન પોલીસ થશે. આ સિવાય જેતપુર અને લોધિકાના મેટોડામાં ઉદ્યોગ સોળે કલાએ ખીલ્યો હોય, વસ્તી વધતા અને સુરક્ષાની દ્રષ્ટિએ નવા પોલીસ મથક જેતપુર ઉદ્યોગનગર પોલીસ અને મેટોડા પોલીસ એમ બે પોલીસ મથક બનશે. ધોરાજીમાં હાલ એક પોલીસ મથક છે. અને બીજું ધોરાજી તાલુકા પોલીસ મથક કાર્યરત થશે. ગોંડલ તાલુકામાં સુલતાનપુર પોલીસ ચોકી છે. જેને સુલતાનપુર પોલીસ મથક બનાવશે. આ માટે ગૃહવિભાગ સ્ટાફ ફાળવશે. સૂત્રો જણાવી રહ્યા છેકે, રાજકોટ ગ્રામ્ય પોલીસે મોકલેલી દરખાસ્ત રાજ્ય ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ મંજૂરી આપી છે. નવા પોલીસ મથક બનતા ગ્રામ્ય પ્રજાની સુવિધા અને સુરક્ષામાં વધારો થશે.

યાજ્ઞીક રોડ પર પુરપાટ ઝડપે કાર ચલાવીને નીકળેલા શખ્સ સામે કાર્યવાહી

રાજકોટ,તા.૨૬

શહેરના યાજ્ઞીક રોડ પર ઓવરસ્પીડે કાર ચલાવનાર શખ્સનો વિડીયો વાયરલ બનાવને પગલે એ ડિવીઝન પોલીસે કાર નંબરના આધારે સામાકાંઠાના શખ્સને ઝડપી લઈ આકરી પુછપરછ કરી વિશેષ કાર્યવાહી કરી હતી. આ અંગેની માહિતી મુજબ યાજ્ઞીક રોડ પર ઓવરસ્પીડે કાર ચલાવતા રોડ પર વાહન ચાલકો અને રાહદારીઓમાં ફફડાટ ફેલાયો હોવાનો વિડીયો વાયરલ થતા એ ડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ જી એન વાઘેલા સહીતના સ્ટાફે તપાસ કરી મોરબી રોડ પર રહેતો હિમાંશુ નિલેશભાઈ મકવાણા નામના શખ્સની ધરપકડ કરી તેને પોલીસની ભાષામાં આકરી પુછપરછ કરી હતી. પોલીસની પુછપરછમાં આ કાર તેના મિત્ર પાસેથી ચલાવવા લઈ આવ્યો હોવાનું જણાવતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

હાઈરાઈઝ બિલ્ડીંગમાં સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઈ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૨૫/૮નાં રોજ શ્રીજી હાઈટસ, કિશાન પંપની સામે, ગોંડલ રોડ, રાજકોટ ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, તથા આ મોકડ્રીલમાં અંદાજે ૨૦ થી ૨૫ રહેવાસીઓ જોડાયેલ. જે મોકડ્રીલમાં બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે માર્ગદર્શન અને મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું.

જેતપુરના અમરાપર ગામની વાડીમાં જુગાર દરોડોઃ ૮ ઝડપાયા

૭૮૨૫૦ની રોકડ સહિત ૩.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી પોલીસ

જેતપુર,તા.૨૬ઃ જેતપુર તાલુકાના અમરાપર ગામે આવેલ લાલજીભાઈ માધાભાઈ ઉસદડની વાડીમાં પ્રોબેશલ આઈ.પી.એસ.સંજયકુમાર કેશવાલા અને તેમના પોલીસ કાફલાએ બાતમીના આધારે જુગાર દરોડો પાડી જુગાર રમતા નવ બાજીગરોને ઝડપી લઈ ૭૮૨૫૦ની રોકડ સહિત ૩.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.આ અંગે મળતી વિગતો એવા પ્રકારની છે કે પ્રોબેશનલ આઈ.પી.એસ સંજયકુમાર કેશવાલા અને તેમના પોલીસ કાફલાએ પાડેલા આ દરોડા દરમિયાન વાડી માલીક લાલજી માધાભાઈ ઉસદડ મળી આવેલ ન હતાં. જયારે મહાવીર જીલુભાઈ ખુમાણ (અમરાપર) સતીષ, રણછોડભાઈ સાકરીયા (ખારચીયા) મુકેશ પાલાભાઈ જાદવ (બોરડી સમઢીયાળા) મહેન્દ્ર વજુભાઈ રૂપાપરા (જેતપુર) રવિ સુરેશભાઈ બુરાણી (બોરડી સમઢીયાળા) યોગીરાજ રામકુભાઈ કોટીલા (જેતપુર) ગીરીશ ગોવિંદભાઈ જાદવ (બોરડી સમઢીયાળા)તથા દિનેશભાઈ મનસુખભાઈ સાકરીયા જૂગાર રમતા ઝડપાઈ ગયા હતાં.જૂગાર પટ્ટ પરથી પોલીસે રૂ.૭૮૨૫૦ રોકડા ૮ મોબાઈલ, બાઈક અને કાર મળી કુલ રૂ.૩.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી સપાટો બોલાવેલ છે.

દેશના ૩૧ ટકા વિસ્તારમાં ઓછા વરસાદથી હાલત ચિંતાજનક

એક મહિનાથી મેઘરાજાએ વિરામ લેતાં કૃષિ સહિતના ક્ષેત્રે માર પડવાની આશંકા

દિલ્હી,તા.૨૬

ભારતના મોટાભાગનાં ક્ષેત્રોમાં જુન- જુલાઈમાં નોંધપાત્ર કે સારો વરસાદ વરસ્યા બાદ એકાન મહિનાથી વરીસાદી બ્રેક છે અને તેના કારણે દેશના ૩૧ ટકા ભાગો 'શુષ્ક'ની શ્રેણીમાં આવી ગયા છે. કૃષિ ઉપજ-ઉત્પાદન તથા જમીનના ભેજને તેની વ્યાપક અસર થવાની આશંકા છે. ભારતીય હવામાન વિભાગનાં ૨૭ જુલાઈથી ૨૩ ઓગસ્ટનાં આ ખુલાસો થયો છે. હવામાન વિભાગે દુષ્કાળ શબ્દ પડતો મૂકી દીધો છે અને નબળા ચોમાસા માટે ઓછા વરસાદનો શબ્દ પ્રયોગ કરવામાં આવે છે. દેશમાં છેલ્લા એક માસથી ચોમાસું નબળુ જ ગણવામાં આવ્યુ છે. હવામાન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે ૩૧ ટકા ભાગોમાં વરસાદની ખાધ છે અને તે પૈકી ૯ ટકા ભાગોમાં ઘણો ઓછો વરસાદ છે. ૪ ટકા ત્યંત શુષ્ક વાતાવરણનો સામનો કરી રહ્યા છે. આવા ભાગોમાં મહારાષ્ટ્ર, ગુજરાત, પશ્ચિમી દરીયાકાંઠા તથા પૂર્વ ભારતના ક્ષેત્રો આવી જાય છે. આંકડાકીય રીપોર્ટ પ્રમાણે ભારતનાં ૪૭ ટકા ભાગોમાં ઘણા અંશે શુષ્ક વાતાવરણ રહ્યું છે. આ પ્રકારનાં માહોલથી જમીનનાં ભેજને અસર થાય છે.ખેતીપાકનાં વિકાસ તથા ઉત્પાદન પ્રભાવીત થાય છે. હવામાન વિભાગના અધિકારીએ કહ્યું કે એકાદ મહિનાથી વરસાદી બ્રેકને કારણે કેટલાંક ક્ષેત્રોમાં હાલત ખરાબ બની રહી છે પાણી મોરચે દબાણ સર્જાઈ શકે છે. હવેના બે સપ્તાહ અત્યંત મહત્વના-નિર્ણાયક બની શકે છે. બે સપ્તાહમાં વર્તમાન માહોલમાં કોઈ બદલાવ ન થવાના સંજોગોમાં પાણીની ડીમાંડ વધશે.૧ જુનથી ૨૩ ઓગસ્ટ સુધીના ઈન્ડેકસ રીપોર્ટને ધ્યાને લેવામાં આવે તો પણ કેટલાંક રાજયોનાં અનેક ભાગો લાલ નિશાનીમાં જ છે. અર્થાત વરસાદી ખાદ્ય ધરાવે છે. તેઓએ કહ્યું કે દેશમાં વર્તમાન વરસાદી બ્રેકમાં ૨૦૦૨ નું પુનરાવર્તન થઈ રહ્યાનું માલુમ પડી રહ્યું છે. ૨૦૦૩ નાં જુલાઈમાં મેઘરાજાએ સળંગ ૨૬ દિવસે બ્રેક લીધો હતો અને વરસાદ વરસ્યો હતો.'' ચોમાસાની વર્તમાન હાલતથી કૃષિક્ષેત્રમાં નેગેટીવ અસર થવાની ભીતિ છે.વરસાદ અને સીંચાઈનાં પર્યાપ્ત પાણી વિના કૃષિ ઉત્પાદનને ફટકો પડે અને ખેડુતોને આર્થિક નુકશાન થઈ શકે છે. તાપમાન પણ નોર્મલથી ઉંચે જઈ રહ્યું હોવાના કારણે તળાવો તથા ભુગર્ભ જળ સપાટીને પણ અસર કારક છે. તેઓએ કહ્યું કે હવે સપ્ટેમ્બરમાં વરસાદી ખાદ્ય સરભર થઈ શકે છે કે કેમ તે જોવાનુ રહે છે. ભારતીય ચોમાસા તથા અલ-નીનો વચ્ચેનું કનેકશન જાણીતું છે. અલનીનોની વધતી તાકાત સાથે ઉદભવી રહ્યું હોવાથી ઓગસ્ટનાં વરસાદી બ્રેકમાં તે કારણરૂપ હોવાનું મનાય જ રહ્યું છે. આ સંજોગોમાં પાણી મોરચે સંકટની સ્થિતિ સર્જાવાનાં સંજોગોમાં આગોતરા આયોજનોની તૈયારી કરવી પડશે.

ધૂમ બાઈક ચાલકો ચેતી જાયઃ રેસકોર્સ રોડ પર ટ્રાફિક પોલીસ ગમે ત્યારે સરપ્રાઈઝ ડ્રાઈવ કરશે

રાત્રે આરટીઓ- ટ્રાફિક પોલીસની સંયુક્ત ડ્રાઈવમાં ઓવર સ્પીડના ૧૦ કેસ કરી ૩૪૬૦૦નો દંડ વસુલાયો

રાજકોટ, તા.૨૬

રાજકોટમાં તાજેતરમાં ઓવર સ્પીડથી વાહન ચલાવતા અકસ્માત થયાની ઘટનાઓ વધી છે. જેના કારણે હવે ધૂમ બાઈક ચાલકો ચેતી જાય કારણ કે, રેસકોર્સ રોડ સહિતના મુખ્ય માર્ગો પર ટ્રાફિક પોલીસ ગમે ત્યારે સરપ્રાઈઝ ડ્રાઈવ કરશે. ગત રાત્રે આરટીઓ-ટ્રાફિક પોલીસની સંયુક્ત ડ્રાઈવમાં ઓવર સ્પીડના ૧૦ કેસ કરી રૂ.૪૬૦૦નો દંડ વસુલાયો હતો.ટ્રાફિક પોલીસના જણાવ્યા મુજબ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશનર વિધિ ચૌધરીની સૂચનાથી ડીસીપી ટ્રાફિક પૂજા યાદવની આગેવાનીમાં ગઈકાલે રાત્રે ૧૧ વાગ્યાથી ૧૨ વાગ્યા દરમિયાન રેસકોર્સ રોડ પર વધુ ગતિમાં વાહનો ચલાવતા ચાલકો વિરુદ્ધ આરટીઓ ઓફિસર, એસીપી વિશાલ રબારી, ટ્રાફિક પીઆઈ વી. આર. રાઠોડ, પીએસઆઇ આર. એસ. પરમાર સહિતનાએ સરપ્રાઈઝ ટ્રાફિક ડ્રાઇવ યોજી હતી. ટ્રાફિક સ્ટાફને સાથે રાખી કરાયેલ કામગીરીમાં ઓવર સ્પીડમાં, ધૂમ બાઈક સ્ટાઈલમાં નીકળેલા ૧૦ વાહન ચાલકોને અટકાવી કેસ કરાયા હતા અને રૂ.૪૬૦૦નો દંડ વસુલ કરાયો હતો.

ટ્રાફિક એસીપી જે.બી. ગઢવીએ જણાવ્યું કે, ટ્રાફિક પોલીસ આગામી સમયમાં પણ જુદા - જુદા રોડ પર આ પ્રકારની ડ્રાઈવ ચાલુ રાખશે. મોડી રાત્રે જ નથી પણ ગમે તે સમયે સરપ્રાઈઝ ડ્રાઇવ હાથ ધરાશે.

ટ્રાફિક પોલીસનું નવું અભિયાન 'પહેલે આપ'

રસ્તો ક્રોસ કરતા રાહદારીઓ માટે નવી પહેલ : રાજકોટ ટ્રાફિક ડીસીપી પૂજા યાદવે નવા કાર્યક્રમની જાહેરાત કરી, જો કોઈ રસ્તો પસાર કરતું હોય તોચાલકે વાહન રોકી રાહદારીને રસ્તો ક્રોસ કરવા દેવો



રાજકોટ, તા.૨૬ઃ રસ્તો ક્રોસ કરતા રાહદારીઓ માટે રાજકોટ શહેર પોલીસે નવી પહેલ કરી છે. ટ્રાફિક પોલીસના નવા અભિયાનનું નામ 'પહેલે આપ' છે. રાજકોટ શહેર ટ્રાફિક ડીસીપી પૂજા યાદવે નવા કાર્યક્રમની જાહેરાત કરી હતી. જેમાં જો કોઈ રાહદારી રસ્તો ક્રોસ કરતું હોય તો ચાલકે વાહન રોકી તેઓને રસ્તો ક્રોસ કરવા દેવો અને તેનો વીડિયો ઉતારી સોશ્યલ મીડિયા ઉપર અપલોડ કરવા માટે અપીલ કરાઈ છે.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને અધિક પોલીસ કમિશનર વિધિ ચૌધરીની સૂચના-માર્ગદર્શનથી ડીસીપી ટ્રાફિક પૂજા યાદવે આ કાર્યક્રમ અંગે શહેરીજનોને માહિતી આપી હતી. તેઓએ જણાવ્યું કે, પોલીસે શહેરમાં એક નવી અભિયાન નવી પહેલ શરૂ કરી છે.

જેમાં રાહદારીઓની સુરક્ષા અંગે ખાસ ધ્યાન અપાયું છે. આ પહેલનું નામ 'પહેલે આપ' અથવા 'આફ્ટર યુ' અપાયું છે. જેમાં કોઈપણ વાહન ચાલક રાહદારીને રસ્તો ક્રોસ કરતા જોવે તો પ્રથમ પોતાનું વાહન અટકાવી દયે. અને રાહદારીને રસ્તો ક્રોસ કરવા દયે. આ સ્થિતિનો વીડિયો ઉતારી તેઓ સોશ્યલ મીડિયા ઉપર રાજકોટ શહેર પોલીસ અને રાજકોટ શહેર ટ્રાફિક પોલીસને ટેગ કરે. અને અન્ય લોકોમાં પણ આ બાબતે જાગૃતિ લાવવા સહકાર આપે તેવી અપીલ ટ્રાફિક ડીસીપો પૂજા યાદવે કરી હતી.

તંત્રી લેખ

સમયનો સદ્ઉપયોગ કરો...

દરેક વ્યક્તિનું બાળપણ એક જેવું જ હોય છે એવું આપણને લાગે છે. બાળક બાળપણમાં અનેક રમતો રમતો હોય છે, રમતાં રમતાં તે પડી જાય છે. શાળાએ જઈને વિદ્યાભ્યાસ કરે છે. આમ કરતાં કરતાં તે યુવાન બને છે. આવો, આજે કાંઈક આપણા જીવનને નવીન રીતે થોડું અપડેટ કરીએ, કાંઈક નવું શીખીએ. સમયનો એક માત્ર ગુણ છે કે, તે હંમેશા નિર્ધારિત રીતે પસાર થયા જ કરે છે. આપણે પણ સમયની સાથે રહેવું પડે, કારણ કે સમયથી પાછળ રહી જઈએ તો આપણી ધ્યેય પ્રાપ્તિમાં પણ એટલું જ મોડું થાય. જેઓ મહત્વપૂર્ણ કામ કરવાની સાથે, સમયની સાથે ચાલે છે તેઓ ધ્યેયને પામે છે અને જેઓ માત્ર સૂઈ રહે છે કે, સમય વેડફે છે તેઓ પસ્તાય છે.જો આપણી પાસે એવો સરસ આઈડીયા છે કે, જો એકાગ્રતાથી એના પર કામ કરવામાં આવે તો સફળ બિઝનેશ સ્થાપી શકાય તેમ છે. તો કોઈ પણ જાતના ડિસ્ટ્રેકસન (ખલેલ) વગર ફકત તમારા મહત્વના કામ પર ફોકસ કરો. જે તમારૂં ધ્યાન ભટકાવે, સમય વેડફાવે એવા ફાલતુ કામો બંધ કરો. જેમકે ભણતી કે કામ કરતી વખતે મોબાઈલ નોટીફીકેશન મ્યુટ કરી દો વગેરે. ઘણીવાર માણસ બજારમાં જાય છે. ત્યાં સેલ જોવે છે અને સસ્તી વસ્તુઓ જોઈને લઈ આવે છે. જેનો ઘણીવાર ઘરમાં કોઈ ઉપયોગ હોતો જ નથી. ઘણીવાર માણસો ફક્ત દેખાદેખીમાં મોંઘી બ્રાન્ડેડ વસ્તુઓ ખરીદીને આવે છે. જો વિચાર કરવામાં આવે તો નજીવા ખર્ચમાં પણ તે ઉપલબ્ધ થઈ શકે તેમ છે. પૈસાને બચાવી તેને ઈન્વેસ્ટ કરતાં શીખવું જોઈએ. અને જે ઈન્વેસ્ટમેન્ટથી ફાયદો થાય એ ફાયદાના પૈસામાંથી ખર્ચ કરવો જોઈએ. પરંતુ ફાલતું ખર્ચ ન કરવા જોઈએ એમાં જ આપણી ભલાઈ છે. જેવી સંગત એવી રંગતઃ આપણે જેમની સાથે ઉઠીએ બેસીએ તેની સાથે આપણા વિચારો પણ એમનાથી પ્રભાવિત હોય. જો આપણે નેગેટીવ લોકોની સાથે બેસીએ. આવો, આજે કાંઈક આપણા જીવનને નવીન રીતે થોડું અપડેટ કરીએ, કાંઈક નવું શીખીએ. સમયનો એક માત્ર ગુણ છે કે, તે હંમેશા નિર્ધારિત રીતે પસાર થયા જ કરે છે. આપણે પણ સમયની સાથે રહેવું પડે, કારણ કે સમયથી પાછળ રહી જઈએ તો આપણી ધ્યેય પ્રાપ્તિમાં પણ એટલું જ મોડું થાય. જેમને આખા દેશમાં ખોટ જ દેખાય છે. જે બધાને કોસ્યાં જ કરે છે. તો એમની સાથે બેસવાથી આપણું મગજ પણ ખરાબ થશે. જો આપણે પોઝિટીવ લોકોની સાથે બેસીએ તો આપણે ખુલ્લા મને વિચારીશું. પ્રફુલ્લિત રહીશું અને તેમની પાસેથી કંઈક નવું શીખીશું. આપણી લાઈફને બેટર કઈ રીતે બનાવવી એ માટેનું પ્લાનીંગ કરો અને પ્લાનીંગના સ્ટેપ્સને ક્યાંક ડાયરી કે નોટીસ બોર્ડ પર નોંધ કરો. કારણ કે લખવાથી કલેરીટી મળે છે. આજથી ૫ વર્ષ પછી આપણે આપણી જાતને કયા સ્થાને જોઈએ છીએ અને ત્યાં સુધી પહોંચવા શું કરીશું તે નોટ કરો. જો તમારામાં કોઈ ખોટ છે તેને તમે દૂર કરવા માંગો છો તો એક પછી એક ખોટ લખો અને ધીમે ધીમે એ ખોટને જીવનમાંથી દૂર કરતા જાઓ. આપણી સાચી સફળતા ત્યારે છે કે, જ્યારે આપણે સમાજ માટે કાંઈક કરી શકીએ. બીજાના દુઃખ દૂર કરવા, ભૂખ્યા ને પેટ ભરાય, બીજાના ચહેરા પર ખુશી આવે તેવા પ્રયત્નો કરવા. આપણી નૈતિક ફરજ બજાવવી-કચરો કચરાપેટીમાં નાંખો વગેરે...

OM CATRERS
Best Food For All Occassion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

શાકભાજીના આવકોનો ઢગલોઃ ભાવો સડસડાટ તૂટયા

રૂ.૨૦૦ વાળા ટમેટાના યાર્ડમાં ૨૫થી ૫૦ઃ આદુ ૨૫ ટકા સસ્તુઃ મરચા-મેથી-કોથમરી સહિત તમામે તમામ શાકભાજીના ભાવ ૫૦થી૭૦ ટકા ઘટી ગયા

રાજકોટ તા.૨૫ : છેલ્લા ઘણા સમયથી શાકભાજીના ભાવ વધતા ગૃહિણીઓનું બજેટ વીખેરાય ગયુ હતું, પરંતુ છેલ્લા સપ્તાહથી શાકભાજીના ભાવ ઘટી રહ્યા છે ત્યારે ગૃહિણીઓએ રાહતનો શ્વાસ લીધો છે. ટમેટાના વધેલા ભાવે તો મોટી સમસ્યા ઉભી કરી હતી ત્યારે હાલ ટમેટાના ભાવ પણ ઘટી રહ્યા છે. વરસાદ પર લાગેલી બ્રેક અને અનુકુળ વાતાવરણને કારણે શાકભાજીની આવકમાં વધારો થયો છે. ખાસ કરીને લીંબુ, કોબી, રીંગણા, ફલાવર, ભીંડો જેવા શાકના ભાવમાં કડાકો નોંધાયો છે. ટમેટા, ગુવાર, ભીંડો, વટાણા, કોબી જેવા શાક બહારથી આવી રહ્યા.

આ ઉપરાંતના તમામ શાકભાજીની લોકલ આવક શરૂ થઈ ચૂકી છે. ટમેટા, બેંગ્લોર, મહારાષ્ટ્ર ગુવાર-ભીંડો, સુરત, વટાણા, સિમલા, પંજાબ અને કોબી અમદાવાદ અને કર્ણાટક મહારાષ્ટ્રથી આવી રહ્યા છે. આવક વધતા આગામી સમયમાં શાકભાજી અન્ય રાજયોમાં મોકલવામાં આવશે તેમજ અન્ય રાજયોમાંથી મંગાવવામાં આવતા શાકભાજી પર બ્રેક લાગશે. તમામ સેન્ટરોમાંથી બટેટાની આવક પણ પુરતા પ્રમાણમાં થઈ રહી છે. યાર્ડમાં શાકભાજીના ભાવ નીચા બોલાયા હતા. જેમાં કિલોના ભાવ લીંબુના રૂા.૯થીરૂા.૨૦, બટેટા રૂા.૫થી૧૫, ડુંગળી રૂા.૧૫-૨૫, કોથમરી રૂા.૧૦-૨૦, રીંગણા રૂા.૧૩-૨૨, કોબીન રૂા.૧૦-૨૦, ફલાવર રૂા.૧૩-૨૨, ભીંડો રૂા.૧૦-૧૭, ગુવાર રૂા.૧૫-૩૦, ચોળાસીંગ રૂા.૧૧-૧૭, દુધી રૂા.૫-૭, કારેલા રૂા.૫-૧૦, મેથી રૂા.૧૦-૨૦, મરચા રૂા.૧૩-૨૪ બોલાયા હતા.

મેટોડાના બાલાજી વેફર્સ કારખાનામાં હાર્ટએટેકથી પરપ્રાંતિય શ્રમિકનું મોત

રાજકોટ,તા.૨૬

રાજકોટ નજીક મેટોડા ઔદ્યોગીક વિસ્તારમાં આવેલા બાલાજી વેફર્સના કારખાનામાં હાર્ટએટેકથી પરપ્રાંતિય શ્રમિકનું મોત થયું હતું.મૃતકનું નામ દિન છોટેલાલ મહરાની (ઉ.વ.૪૩) હતું.મૃતક અત્રે કારખાનાના ડ્રાઈવીંગ રૂમમાં રહેતો અને કટારીયા એન્ટર પ્રાઈઝના ટ્રક ચલાવતો હતો. ગઈકાલે સવારે ૯ વાગ્યે તે પોતાનો રૂટ પુરો કરી ટ્રક લઈ પરત મેટોડા કારખાને આવી ગયો હતો.અને ડ્રાઈવર રૂમમાં સુઈ ગયો હતો. બપોરે ૩ વાગ્યે અચાનક તેની તબિયત બગડતાને બેભાન થઈ ગયો હતો. સાથી કર્મચારી અને કારખાનામાં હાજર અન્ય લોકોએ તેને તત્કાલ સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો.૧૦૮ એમ્બ્યુલન્સ મારફત અત્રે લવાતા સિવિલના ઈમરજન્સી વોર્ડના તબીબે મૃત જાહેર કર્યો હતો.

સ્વદેશી ઉદ્યોગોના હિતમાં

૯ માસમાં રેકોર્ડબ્રેક ૧.૨૧ કરોડ ટન ખાદ્યતેલોની આયાત

ગુજરાત સ્ટેટ એડિબલ ઓઈલ એસોસીએશનની વડાપ્રધાનને રજુઆત

રાજકોટ,તા.૨૬ : દેશમાં ખાદ્યતેલ આયાત સંબંધી નીતિમાં ઘણી હળવાશ સરકારે આપતા બે ગેરકાયદે નોધાયા છે. સસ્તા આયાતી તેલની ઉપલબ્ધીના લીધે સ્વદેશી ખાદ્યતેલોનો વપરાશ ઘટયો છે.નવ માસમાં રેકર્ડ બેંક તેલની આવક થઈ છે.આવા ખાદ્યતેલની વપરાશથી બજારમાં પાઉચમાં વધારો થયો છે. આ પાઉચના ફરસાણમા નમક,ખાંડ, વધારે હોવાથી જન આરોગ્ય માટે ખતરનાક બની શકે છે. ખાદ્યતેલની આયાત પર ફરી નિયંત્રણો મુકવા ગુજરાત રાજય ખાદ્ય તેલ અને તેલ બીજ એસો.એ માંગણી ઉઠાવી છે. ગુજરાત સ્ટેટ એડિબલ ઓઈલ એસોનાં પ્રમુખ સમીર શાહે વડાપ્રધાનને પાઠવેલ પત્રમાં જણાવ્યા મુજબ દેશની ખાદ્યતેલની વાર્ષિક આયાત ૧૪૫ થી ૧૫૦ લાખ ટનથી ઘટીને ૧૩૧ થી ૧૩૫ લાખ ટન થઈ ગઈ હતી. ખાદ્યતેલના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો આવા ચોકડાઓ નવેમ્બરથી ઓકટોબર સુધીના વર્ષ મુજબ ગણે છે કારણ આપણી ખરીફ પાક સીઝન નવેમ્બર માસથી શરૂ થતી હોય છે. પરંતુ માર્ચ ૨૦૨૨થી વૈશ્વિક પરિબળોને કારણે ખાદ્યતેલના ભાવો બહુ ઉંચા ગયા હતા.જે તે કારણે આપણા દેશે ખાદ્યતેલ આયાત સંબંધી નીતિમાં ઘણી હળવાશ કરી હતી.આ હળવા નિયમો જેવા કે આયાત ડયુટીમાં નોંધપાત્ર ઘટાડો કોઈપણ પ્રકારના જથ્થાત્મક નિયંત્રણ વગેરે હવે જયારે ખાદ્યતેલના ભાવોમાં તિવ ઘટાડો થયો છે ત્યારે પણ હજીઆ હળવી આયાતનીતી ચાલુ છે. જેને કારણે ચાલુ વર્ષે નવેમ્બર ૨૦૨૨ થી ઓકટોબર ૨૦૨૩ સુધી આપણી ખાદ્યતેલની આયાત લેવણપર લગભગ ૧૬૦ લાખ ટન સુધી જઈ શકે છે. આવી મુકત આયાત નીતિનાં ગેરકાયદાઓ છે. ખાદ્યતેલની આયાત પર ફરી નિયંત્રણો મુકવા જરૂરી છે. આવા નિયંત્રણથી સ્થાનીક બજારોમાં ખાદ્યતેલના ભાવમાં થોડા સમય માટે વધારો વપરાશ કરવામાં આવે તો આ ભાવ વધારો સહહ્ય નહી લાગે તેમ અંતમાં એસો.પ્રમુખ સમીર શાહે જણાવ્યું છે.

છેલ્લા ૪ દિવસથી સિંગતેલના ભાવમાં રૂા.૭૦નો ઘટાડો

રાજકોટઃ છેલ્લા ૧૦ દિવસથી સતત ખાદ્ય તેલોના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જેમાં આજે ફરી સીંગતેલમાં રૂા.૧૫ તેમજ કપાસીયા અને પામોલીન તેલમાં રૂા.૫નો ઘટાડો નોંધાયો છે. હાલ રક્ષાબંધન સાતમ આઠમ જેવા તહેવારો શરૂ થવાના છે ત્યારે ખાદ્ય તેલના ભાવ ઘટતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે આ દરમ્યાન જ ખાદ્ય તેલમાં રૂા.૧૫નો ઘટાડો જોવા મળી રહ્યો છે જેમાં સીંગતેલનો ભાવ રૂા.૨૯૭૫થી ૩-૨૫, કપાસીયા તેલનો ભાવ ૧૬૨૫થી ૧૬૭૫ અને પામોલીન તેલનો ભાવ રૂા.૧૩૯૦થી ૧૩૯૫ જોવા મળી રહ્યો છે. મગફળીનું ઉત્પાદન સારું થશે તેવી આશા સાથે બજારમાં ખાદ્યતેલના ભાવમાં સતત ઘટાડો થતો જોવા મળી રહ્યો છે. આ સાથે છેલ્લા ૪ દિવસથી ખાદ્યતેલમાં રૂા.૭૦નો ઘટાડો થયો છે.

શહેર ભાજપ મહિલા મોરચાની નવી ટીમ જાહેર કરતા મુકેશ દોશી

શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે કિરણબેન માકડીયાની વરણી

મહામંત્રી તરીકે કિરણબેન હરસોડા તેમજ દેવિકાબેન રાવલ, મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે દક્ષાબેન વાઘેલા, વૈશાલીબેન મહેતા, મંગળાબેન સોઢા, કલ્પનાબેન ક્યિાડા, તેમજ મંત્રી તરીકે સેજલબેન ચૌધરી, મીરાબેન વોરા, રસીલાબેન પાંભર, કિન્નરીબેન ચૌહાણ, ચાંદનીબેન ગોંડલીયા, કોષાધ્યક્ષ તરીકે પ્રફુલાબેન બારોટ, કાર્યાલય મંત્રી દિપાબેન કાચાને જવાબદારી સોંપવામાં આવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ, પ્રદેશ ભાજપ મહામંત્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ દિપીકાબેન સરડવા, શહેર ભાજપ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારી ડો.ઉવર્શીબેન પંડયા સહિતના અગ્રણીઓ સાથે વિચાર વિમર્શ કરી શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે અને વિરેન્દ્રસિંહ ઝાલાએ શહેર ભાજપ મહિલા મોરચાની ટીમ જાહેર કરેલ છે. જેમાં શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે કિરણબેન માકડીયા, મહામંત્રી તરીકે કિરણબેન હરસોડા તેમજ દેવિકાબેન રાવલની વરણી કરવામાં આવેલ છે. આ સાથે શહેર ભાજપ મહિલા મોરચામાં ૪ ઉપપ્રમુખ, ૫ મંત્રી,૧ કોષાધ્યક્ષ ૧ કાર્યાલય મંત્રીની પણ વરણી કરવામાં આવેલ છે. શહેર ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે દક્ષાબેન વાઘેલા, વૈશાલીબેન મહેતા, મંગળાબેન સોઢા, કલ્પનાબેન ક્યિાડા, તેમજ મંત્રી તરીકે સેજલબેન ચૌધરી, મીરાબેન વોરા, રસીલાબેન પાંભર, કિન્નરીબેન ચૌહાણ, ચાંદનીબેન ગોંડલીયા, કોષાધ્યક્ષ તરીકે પ્રફુલાબેન બારોટ, કાર્યાલય મંત્રી દિપાબેન કાચાને જવાબદારી સોંપવામાં આવી છે. ત્યારે આ વરણીના શહેર ભાજપ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ભાનુબેન બાબરીયા, મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ડો. ભરતભાઈ બોધરા, બીનાબેન આચાર્ય, ઉદય કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ડો. પ્રદિપભાઈ ડવ, કમલેશ મીરાણી, અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહિતના સાથે શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આવકારી અભિનંદન પાઠવ્યા છે.

કાલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા મન કી બાત કાર્યક્રમ યોજાશેઃ મુકેશ દોશી

મન કી બાતના શહેરના ઈન્ચાર્જ તરીકે મહેશ રાઠોડ વિધાનસભા-૬૮ માં પરાગ મહેતા, વિધાનસભા-૬૯માં દશરથભાઈ વાળા, વિધાનસભા ૭૦ માં યોગેશ ભુવા, વિધાનસભા-૭૧ માં રસિકભાઈ કાવઠીયાને જવાબદારી સોંપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત યાદીમાં જણાવાયું છે કે સ્ટેશન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દર માસના અંતિમ રવીવારે મન કી બાત કાર્યક્રમ યોજવામાં આવે છે અને મન કી બાત કાર્યક્રમ મારફત નરેન્દ્રભાઈ મોદી દેશવાસીઓ સાથે સંપર્કમાં રહે છે અને દેશવાસીઓ પાસેથી આવેલ વિવિધ સુચનો અંગે ચર્ચા-પરિસંવાદ કરવામાં આવે છે ત્યારે આવતીકાલે તા.૨૭ રવીવારના રોજ સવારે ૧૧ કલાકે નરેન્દ્રભાઈ મોદી દ્વારા મન કી બાત દ્વારા દેશવાસીઓ સાથે જોડાશે.આ કાર્યક્રમનું ડી.ડી. ચેનલ ઉપર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. ત્યારે શહેરના તમામ બુથમાં મન કી બાત કાર્યક્રમ નિહાળવામાં આવશે. તેમજ આ કાર્યક્રમમાં વધુને વધુ લોકો જોડાઇ તે માટે મન કી બાતના શહેરના ઇન્ચાર્જ તરીકે મહેશ રાઠોડ વિધાનસભા-૬૮ માં પરાગ મહેતા વિધાનસભા-૬૯ માં દશરથભાઈ વાળા, વિધાનસભા-૭૦ માં યોગેશ ભુવા, વિધાનસભા-૭૧ માં રસિકભાઈને જવાબદારી સોંપાવામાં આવી છે ત્યારે આ કાર્યક્રમમાં શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને જોડાવવા મન કી બાત શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિહ ઝાલાએ જાહેર અનુરોધ કરેલ છે.

મૂળ લાભાર્થીના સ્થાને અન્ય વ્યકિત રહેતા પાંચ આવાસ સીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત અલગ અલગ સ્થળો પર આવાસો બનાવવામાં આવેલ છે. જે અન્વયે લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપ-પોપટપરા, માતૃતિના સર્વિસ સ્ટેશન પાછળ, વીર સાવરકર ટાઉનશીપ-પોપટપરા, પેટ્રોલ પંપ પાસે, ભગીની નિવેદીતા ટાઉનશીપ - પોપટપરા, રોણકી ગામના પાટીપા પાસે, શહિદ ઉધમસિંહ ટાઉનશીપ-કુવાડવા રોડ, ડી માર્ટ પાસે મૂળ લાભાર્થીના સ્થાને અન્ય વ્યક્તિઓ રહેતા હોવાનું માલુમ પડેલ હોય નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે તા.૨૪/૮ અને તા.૨૫/૮ ના રોજ કુલ ૫ (પાંચ) આવાસો આવાસ યોજના વિભાગ દ્વારા સીલ કરવામાં આવેલ છે.

પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરાની વિશેષ ઉપસ્થિતિમાં

જસદણ તાલુકાના શિવરાજપુરમાં મંત્રી બાવળીયાના હસ્તે સ્લેબડ્રેનનું લોકાર્પણ

(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ, તા.૨૬

જસદણ તાલુકાના શિવરાજપુર ગામે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે સ્લેબ ડ્રેનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણ તાલુકાના શિવરાજપુર ગામ ખાતે ગાયત્રીનગરમાં રૂ. ૧૨ લાખના ખર્ચે બનેલા સ્લેબડ્રેનનું રીબીન કાપીને લોકાર્પણ કરાયું હતું. ગામમાં અવરજવર કરવામાં સરળતા રહે, તે હેતુસર જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા એજન્સીના સહયોગથી ૭ મીટર લંબાઈના સ્લેબડ્રેનનું બાંધકામ દોઢ મહિનામાં પૂર્ણ કરાયું હતું. મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ પંચાયતથી પાર્લામેન્ટ સુધી પ્રશ્નો પહોંચાડી નિરાકરણ લાવવા સરકાર પ્રયત્નશીલ છે. જે અન્વયે જિલ્લા પંચાયતની જોગવાઈ મુજબ સ્લેબડ્રેન તૈયાર થતા ગામના લોકોની માંગણી સંતોષાઈ છે. આવી જ રીતે, પીવાના પાણી, સિંચાઈ, રસ્તાઓ, હાઈસ્કૂલનું મકાન સહિતની માળખાકીય સુવિધાઓ આવશ્યકતા મુજબ પૂરી પાડીને ગામનો તબક્કાવાર વિકાસ કરાશે. પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ડોક્ટર ભરતભાઈ બોઘરાએ કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદીની તેમજ ગુજરાતની ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં થતા વિકાસ કાર્યો અંગે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદરે સ્વાગત પ્રવચન કર્યા હતા.

આ પ્રસંગે પરંપરાગત અભિવાદનની ઝલક જોવા મળી હતી. મંત્રી વાજતેગાજતે ઢોલનગારાના નાદ સાથે બળદગાડામાં લોકાર્પણસ્થળે પધાર્યા હતા. બાળકીઓએ કળશ માથે પધરાવી, કંકુચાંદલો કરીને સામૈયું કર્યું હતું. ત્યારબાદ કાર્યક્રમનો આરંભ દીપ પ્રાગટ્યથી કરાયો હતો તેમજ પુષ્પગુચ્છ, પેઈન્ટિંગ અને શાલ આપી મહાનુભાવોને આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં નાયબ કાર્યપાલક ઈજનેર સંજયસિંહ ઝાલા, રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રી હરેશભાઈ હેરભા, જિલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ પરેશભાઈ રાદડિયા, જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ સોનલબેન વસાણી, અગ્રણી અશોકભાઈ ચાવ, ભીખાભાઈ રોકડ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ નાથાભાઈ વાસાણી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

માંધાતા પરિવાર તળપદા કોળી જ્ઞાતિ મંડળ રાજકોટ તથા તળપદા કોળી જ્ઞાતિ કર્મચારી મંડળ દ્વારા

કાલે તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારંભનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

છેલ્લા ૨૫ વર્ષ ઉપરાંતથી રાજકોટ ખાતે માંધાતા પરીવાર તળપદા કોળી જ્ઞાતિ મંડળ રાજકોટ તથા તળપદા કોળી જ્ઞાતિ કર્મચારી મંડળ, રાજકોટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારંભનું આયોજન કરવામા આવે છે દર વર્ષની જેમ આ વર્ષે પણ આવતીકાલે તા.૨૭/૮ ના રોજ રાજકોટના પેડક રોડ ઉપર આવેલ અટલ બિહારી વાજપેયી હોલ, રાજકોટ ખાતે વિદ્યાર્થીઓ માટે એક સુંદર મજાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં તળપદા કોળી સમાજના દરેક વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને કે જેમણે સારા ટકા મેળવેલ હોય અને પાસ થયેલ હોય તેમને ઈનામી કીટ અને ૧ થી ૩ ના નંબરના વિદ્યાર્થીને શીલ્ડ આપી તેમજ સ્પોર્ટ અને અન્ય સારી એવી પ્રવૃતીમાં ભાગ લઈ સમાજનું નામ આગળ વધારનારને પણ સન્માન કરવામાં આવતુ હોય છે. તેમજ દાતાઓનું પણ સન્માન કરવામાં આવતુ હોય તેમજ આ સન્માન સમારોહમાં રાજકોટના તળપદા કોળી સમાજના દરેક લોકો અને વિદ્યાર્થી ભાઈ બહેનો હાજરી આપશો આ કાર્યક્રમને ખુબજ સારી રીતે આયોજન કરવામાં આ માંધાતા પરીવાર તળપદા કોળી જ્ઞાતિ મંડળ રાજકોટ તથા તળપદા કોળી જ્ઞાતિ કર્મચારી મંડળ રાજકોટના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.

શ્રેષ્ઠ સેવા બદલ બોલબાલા ટ્રસ્ટને રાજકોટ રત્ન એવોર્ડ અર્પણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬: વી.ટીવી દ્વારા શ્રેષ્ઠ સેવા બદલ બોલબાલા ચેરીટિબલ ટ્રસ્ટને 'રાજકોટ રત્ન એવોર્ડ' અર્પણ કરાયો હતો. મનન ઉપાધ્યાય, સુરેશભાઈ મારૂ અને હસમુખભાઈ ચૌહાણએ એવોર્ડ સ્વીકાર્યો હતો. મંત્રી રાઘવજીભાઈ પટેલ, મેયર ડો.પ્રદિપ ડવ, પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ડો.ભરત બોઘરા ઉપસ્થિત રહ્યા હતા.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

PACKAGINGHUB
प्रोडकट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

એસ.ટી.ના ૨૫% ભાડા વધારા પ્રશ્ને વિરોધ

મુખ્યમંત્રીને પોસ્ટકાર્ડ ઝુંબેશ અને જનજાગૃતિ અભિયાન શરૂ કરાયું

રાજયમાં ૨૪ લાખથી વધુ મુસાફરો એસ.ટી.બસમાં મુસાફરી કરે છેઃ ગજુભા ઝાલા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.) દ્વારા તાજેતરમાં રાતો રાત જે રીતે ૨૫% જેવો ભાડા વધારો કરવામાં આવ્યો છે જે મોંઘવારીના કપરા કાળમાં અસહનીય અને નીંદનીય છે. અને ભાડા વધારવા બાબતે મુસાફરોના કોઈ જાતના સૂચનો લેવામાં આવ્યા નથી. એક તરફી નિર્ણય ભાડા વધારો ઠોકી બેસાડવામાં આવ્યો છે. રાજ્યમાં નિયમિત ૨૪ લાખથી વધુ મુસાફરો એસ ટી બસમાં મુસાફરી કરે છે. તેમાં ગરીબ અને મધ્યમ વર્ગના જે મુસાફરો ૮૫% મુસાફરો પર આકરો બોઝ લદાયો છે. રાજ્ય સરકારે પોતાની પ્રસિદ્ધિ ખાતર ગયેલી એસ ટી બસોના આજની તારીખે ૫૩.૮૧ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી છે ત્યારે રાજ્ય સરકાર આ રૂપિયા ચૂકવી દેતો ૨૫% ભાડા વધારો લાદવો ન પડે. તોતિંગ અને અસહનીય ભાડા વધારા સામે જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે અને ખરેખર આંતરરાષ્ટ્રીય સ્તરે ફ્રૂડના ભાવ ઘટવા છતાં એસટી બસોમાં ૨૫% ભાડા ઘટવા જોઈએ તેને બદલે એસ.ટી. માં જે રીતે ભાડા વધારો કરાયો તેનો વિરોધ છે. વિદ્યાર્થીઓના ભાડામાં પણ વધારો કરાયો છે તેને પણ વખોડીએ છીએ. હાલ રાજકોટ વાંકાનેર રાજકોટ વચ્ચે દોડતી એસટી બસોમાં જનજાગૃતિ

અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે જે આગામી દિવસોમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં કરવામાં આવશે અને રાજ્યભરમાંથી મુસાફરો નું કોઈ સંગઠન ન હોય ત્યારે આ ૨૪ લાખ મુસાફરોનું એક સંગઠન બનાવાશે અને દરેક જિલ્લા અને દરેક તાલુકાઓમાં એસ.ટી. મુસાફર હિતરક્ષક સમિતિના પ્રતિનિધિઓની નિમણૂક કરાશે. સરકારના ગેર વ્યાજબી નિર્ણયો સામે અવાજ ઉઠાવાશે. હાલ ગુજરાત એસટી મુસાફર હિત રક્ષક સમિતિની રચના કરી મુખ્યમંત્રીને પોસ્ટકાર્ડ ઝુંબેશ ચાલુ કરવામાં આવી છે. જેમાં રાજકોટ વાંકાનેર રાજકોટ વચ્ચે દોડતી એસ.ટી. ની બસો માંથી પ્રારંભ કરાયો છે. તાજેતરમાં રાજકોટ-વાંકાનેર-માટેલ એસટી બસમાં મુખ્યમંત્રીને પોસ્ટકાર્ડ ઝુંબેશ ચાલુ કરવામાં આવી તે સમયની રાજકોટ ઢેબર રોડ પર એસ ટી બસ પોર્ટ પર લેવાયેલ તસવીર જેમાં રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, સિનિયર સામાજિક આગેવાન ગજેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ ફોજી નટુભા ઝાલા, જિલ્લા નારી સુરક્ષા સમિતિ (રાજકોટ) ના સરલાબેન પાટડીયા, મીનાબા ઝાલા, પૂજાબેન ટંકારીયા, સોનલબેન પાટડીયા સહિતના રાજકીય સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.

સ્વરાનો આજે જન્મદિવસ

રાયચુરા પરિવારની લાડલી સ્વરાનો આજે જન્મદિવસ છે. સ્વારા પાંચ વર્ષ પૂર્ણ કરી છઠા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે. ત્યારે પપ્પા સૌમ્યભાઈ, મમ્મી પૂર્વીબેન, દાદા કૌશિકભાઈ, દાદી મિનાબેન, મોટા પપ્પા અર્પિતભાઈ, મોટા મમ્મી નિધિબેન, બેન દ્વીતી-દ્વીજા સહિતના સ્વરાજને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

બીપીનભાઈ સોલંકીનો આજે જન્મદિવસ

રાજકોટઃ બીપીનભાઈ સોલંકીનો આજે જન્મદિવસ છે. તેમણે ૬૮ વર્ષ પૂર્ણ કરી ૬૯ વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેમના મોબાઈલ નંબર ૮૪૬૦૦૦૮૪૪૬ સગા-સ્નેહીઓ, પરીવાર, મિત્ર વર્તુળ જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી બીપીનભાઈ સોલંકીને જન્મદિવસની ખુબ-ખુબ શુભકામનાઓ...

મંત્રી ભાનુબેન બાબરીયા મતદાતા જાગૃતિ અભિયાનમાં જોડાયા

નાગરિકોને અચૂક મતદાન કરવા અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૬ઃ રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયા તેમના મતવિસ્તાર વિધાનસભા ૭૧ રાજકોટ ગ્રામ્ય ખાતે મતદાતા જાગૃતિ અર્થે અભિયાનમાં જોડાયા હતા. મંત્રીએ વાવડી વિસ્તારમાં આવેલ શિવમ પાર્ક, સત્યમ હિલ્સ રેસીડન્સી, વૃંદાવન સિટી, આસોપાલવ સોસાયટી વગેરે ખાતે યોજાયેલા મતદાતા જાગૃતિ કાર્યક્રમોમાં જોડાઈને મતદારો સાથે સંવાદ કર્યો હતો. મંત્રીએ મતદાર યાદીમાં નામ ઉમેરવા, સુધારા કરવા માટેના અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી તેમજ લોકોને મતદાનની પવિત્ર ફરજ અદા કરવા અનુરોધ કર્યો હતો. ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરતા યુવાનોને મતદાર યાદીમાં ખાસ નામનોંધણી કરવા જણાવ્યું હતું તેમજ આ અંગે કોઈ પ્રશ્ન હોય તો જિલ્લા વહીવટીતંત્રનો સંપર્ક કરવા જણાવ્યું હતું. મંત્રી ભાનુબેન સાથે આ કાર્યક્રમમાં મેયર ડો. પ્રદિપ ડવ, પૂર્વ ધારાસભ્ય લાખાભાઇ સાગઠિયા તથા અન્ય કાર્યકરો સામેલ થયા હતા.

જૈનમ્ – સાંજ સમાચાર – સમસ્ત જૈન સમાજના સંયુકત ઉપક્રમે

નવકાર ડે ની ઉજવણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે અગત્યની મીટીંગ યોજાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

જૈનમ્ પરિવાર દ્વારા રાજકોટ ના સમસ્ત જૈન સમાજને સાથે લઈને વર્ષ ૨૦૧૯ માં જૈનોના અતિ પાવનકારી પર્વ પર્યુષણ દરમ્યાન મહા મંત્ર નવકાર ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેને અપ્રિતમ સફળતા મળી હતી. સમાજની લાગણી અને માગણીને ધ્યાનમાં રાખીને ફરીથી આ વર્ષે પણ નવકાર ડે ની ઉજવણી થવા જઇ રહી છે આ કાર્યક્રમમાં રાજકોટ ના તમામ સંઘો, ઉપાશ્રયો, દેરાવાસી સંઘો, દિગંબર જૈન સમાજ, જૈન સોશિયલ ગ્રુપો, જૈન જાગૃતિ સેન્ટર, જૈન યુવા ગ્રુપ, સંગીની ગ્રુપ, જૈન યુવા ગ્રુપ જુનીયર તથા શ્રીમદ્ રાજચંદ્ર પરિવાર સહિત તમામ લોકો ભાવપૂર્વક જોડાય છે. આ વર્ષે પણ નવકાર ડે ની ઉજવણી જૈનમ પરિવાર-સાંજ સમાચાર-સમસ્ત રાજકોટ જૈન સમાજ દ્વારા તા.૧૭-૯ ને રવિવારના રોજ સવારે ૭ કલાકે, બી.એ.પી.એસ. મંદિર, કાલાવાડ રોડ ખાતે થવાની છે ત્યાંરે આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે ગઇ કાલે રાજકોટના તમામ જૈન સંઘો, જૈન સોશિયલ ગ્રુપો, જૈન સંસ્થાઓ ના પ્રતિનિધીઓની એક અગત્યની મિટીંગ નાગર બોર્ડીંગ, ટાગોર રોડ ખાતે યોજાઇ હતી.

આ મિટીંગમાં રાજકોટના જૈન અગ્રણી અને ઉદારદીલ દાતા ચંદ્રકાંતભાઇ શેઠએ સમગ્ર ટીમ જૈનમને નવકાર ડે ની ઉજવણીના આયોજન બદલ બિરદાવી હતી. સાથે નવકાર ડે ની સફળતા માટે અનેક સુચનો પાઠવ્યા હતા. જૈન સોશિયલ ગ્રુપ મેઇનના ચેતનભાઇ કામદારે તમામ જૈન સોશિયલ ગ્રુપ સભ્યોને નવકાર ડે નિમીતે આ કાર્યક્રમમાં જોડવા માટે ની પ્રતિબધ્ધતા દર્શાવી હતી. શ્રમજીવી સંઘના પ્રમુખ મહેશભાઇ મહેતાએ તમામ મૂર્તિપૂજક સંઘોનું સંકલ્ન કરી મોટી સંખ્યામાં નવકાર ડે માં શ્રાવકોને ઉપસ્થીત રાખવા ભરપુર મહેનત કરવાનો કોલ આપયો હતો. જૈન યુવા ગ્રુપ જુનીયરના ધવલ ગાંધીએ યુવાધન બહોળી સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાઇ તેવા અથાગ પ્રયાસો શરૂ કર્યાની લાગણી વ્યકત કરી હતી. જૈનમ પરિવારના સુજીતભાઇ ઉદાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે આ નવકાર ડે નિમીતે જયાં જરૂરીયાત હશે ત્યાં ગત વખતની માફક પરિવહનની સુવિધા આપવાની તથા નવકાર ડે નિમીતે કોઇ જાતના આરંભ, સમારંભ કે પ્રવચન વગર સીધુ જ મુખ્ય કાર્યક્રમ સમયસર સવારે ૭ કલાકે શરૂ કરી દેવાશે. અને સમયસર પુર્ણ પણ કરી દેવાશે જેથી આ કાર્યક્રમમાં ઉપસ્થીત તમામ શ્રાવક-શ્રાવીકાઓ સમયસર પોતાના વિસ્તારના ઉપાશ્રય ખાતે વ્યાખ્યાનનો લાભ લેવા પહોંચી શકે.

વિશેષ માહિતી આપતા જૈનમ પરિવારના જીતુભાઇ કોઠારી જણાવ્યું હતું કે નવકાર ડે નિમીતે સમસ્ત જૈન સમાજ નમસ્કાર મહામંત્રના જાપની સાથે સામાયીકના પુણ્યનું ભાથુ પણ બાંધી શકે એ માટે કાર્યક્રમમાં સામાયીક બાંધવા તથા પળાવવાની વ્યવસ્થા પણ આ વખતે કરવામાં આવશે. જેથી ઉપસ્થીત તમામ શ્રાવક-શ્રાવીકાઓને બેવડો લાભ પ્રાપ્ત થાય. આ નવકાર ડે નજીક આવતા રાજકોટના તમામ જૈન ધર્મ સ્થાનકો ઉપર પ્રચાર-પ્રસારની વ્યવસ્થા તથા જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોને વિનંતી કરવા માટે ટીમ જૈનમના કાર્યકરો સક્રિય રીતે કાર્ય કરશે. આ તકે શ્રીમદ્ રાજચંદ્ર પરિવારના હેમભાઇ મહેતા તથા મહેશભાઇ ભીમાણીએ સમગ્ર શ્રીમદ્ રાજચંદ્ર પરિવારના સભ્યોને પણ આ નવકાર ડે નિમીતે જોડાવવા અપીલ કરી હતી. આ મિટીંગ માં જૈનમ પરિવાર ના સભ્યો રૂષભભાઇ શેઠ, હિતેશભાઇ મહેતા, નિલેશભાઇ શાહ, નિલેશભાઇ કામદાર, મેહુલભાઇ દામાણી, તરૂણભાઇ કોઠારી, નિલેશભાઇ ભલાણી, હિતેશભાઇ શાહ, જયભાઇ ખારા, અમીતભાઇ દોશી, ઉદયભાઇ ગાંધી, સુકેતુભાઇ ભોડીયા, ધીરેનભાઇ ભરવાડા, ચિરાગભાઇ દોશી, નિપુણ દોશી, પારસભાઇ શેઠ સહિત ના મિત્રો ઉપસ્થીત રહયાં હતાં. કાર્યક્રમની શુભ શરૂઆત જયેશભાઇ મહેતા (પપ્પુભાઇ) એ નવકાર મંત્રના પઠન સાથે કરાવી હતી. કાર્યક્રમને અંતે જૈન યુવા ગ્રુપના હિમાંશુ કામદારે તમામ લોકોનો આભાર વ્યકત કર્યો હતો કાર્યક્રમનું સુંદર સંચાલન તપસ્વી સ્કૂલના યુવા સંચાલક અમિષભાઇ દેસાઇએ કર્યુ હતું. મિટીંગ બાદ તમામ લોકોને જૈનમ પરિવાર દ્વારા પ્રભાવના આપવામાં આવી હતી.

રાજકોટ ચેમ્બર તથા CGST ઓડિટ રાજકોટ ડિપાર્ટમેન્ટના સંયુકત ઉપક્રમે

GST અંતર્ગત ઓડિટ પ્રક્રિયા અંગે અવરનેશ સેમિનારનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા CGST ઓડિટ રાજકોટ ડિપાર્ટમેન્ટના સંયુક્ત ઉપક્રમે GST અંતર્ગત ઓડિટ પ્રક્રિયા અંગે તા.૨૯-૮ મંગળવારના રોજ સાંજે ૫:૩૦ વાગે, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી રોડ, રાજકોટ ખાતે અવરનેશ સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ સેમિનરમાં CGST ઓડિટ રાજકોટ ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારઓ દ્વારા જાણકારી-માર્ગદર્શન આપવામાં આવશે. તેથી આ સેમિનારમાં મર્યાદિત સંખ્યા હોવાથી રસ ધરાવનારે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જે માટે રાજકોટ ચેમ્બરના ફોન નં.૦૨૮૧-૨૨૨૭૪૦૦/૨૨૨૭૫૦૦, ૭૩૮૩૧૨૭૪૦૦ પર રજીસ્ટ્રેશન કરાવી લેવા ખાસ અનુરોધ કરવામાં આવે છે. તેમ રાજકોટ ચેમ્બરની યાદીમાં જણાવેલ છે.

જસદણના લક્ષ્મણ નગર વિસ્તારમાં નિયમિત પાણી વિતરણ કરવા માગણી

(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ, તા.૨૬

જસદણ શહેરના લક્ષ્મણનગર વિસ્તારમાં અનિયમિત પાણી આવતું હોવાનું તેમજ દુર્ગંધ વાળું પાણી આવતું હોવાની ફરિયાદ નાગરિકોમાંથી ઉઠવા પામી છે. જસદણ શહેરના ચિતલીયા રોડના લક્ષ્મણ નગર અને આસપાસના વિસ્તારમાં પુરતા પ્રમાણમાં પાણી આવતું નથી. આ ઉપરાંત પાણી ડહોળું અને દુર્ગંધવાળું પાણી આવે છે અને પાણી આપવાનો કોઈ ફિક્સ ટાઈમ નથી. કોઈ પણ સમયે પાણી આવે છે. ક્યારેક સવારે પાંચ વાગે તો ક્યારેક બપોરે બે વાગ્યે અને ક્યારેક અગિયાર વાગે પણ પાણી વિતરણ થાય છે. ક્યારેય તો પાણીનો વારો હોય તો પણ આવતુ નથી. નગરપાલિકા દ્વારા આ વિસ્તારમાં ઓરમાયું વર્તન રાખવામાં આવતી હોવાની ફરિયાદ લોકોમાંથી ઊઠવા પામી છે. ચીતલીયા રોડના લક્ષ્મણનગર અને આસપાસના વિસ્તારના લોકો નિયમિત વેરો ભરતા હોવા છતાં પણ જસદણ નગરપાલિકા દ્વારા આ વિસ્તારમાં પાણી વિતરણમાં ધ્યાન આપવામાં આવતું નહીં હોવાથી લોકોમાં રોષ ફેલાયો છે.

અવસાન નોંધ

રાજકોટઃસ્વ.નટવરલાલ રામજીભાઈ ચોલેરાના પત્ની ગં.સ્વ.તારાબેન નટવરલાલ ચોલેરા (ઉ.વ.૮૨) તે મિલનભાઈ,સતિષભાઈ,ગીતાબેન જનકભાઈ નથવાણી અને રીટાબેન કિશોરકુમાર જોબનપુત્રાના માતૃશ્રી, રિદ્ધિબેન તથા ઇલાબેનના સાસુ, હાર્દિક,સૌરવ, ધારા અને શ્રદ્ધાબેનના દાદી,પૂજા,હેમાશું અને ચિરાગના નાની,સ્વ.હકમીચંદભાઈ ભૂરા ભાઈ વણઝારાના પુત્રીનું તા.૨૬ને શનિવારના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૨૮ને સોમવારે બપોરે ૪ થી ૫ કલાક દરમિયાન સોપાન લકઝીરિયા ડ્રિમ સિટીની પાછળ રૈયાધાર ધરમનગર રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી પણ સાથે જ રાખેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાને વોટર કેટેગરીમાં સમગ્ર ભારતમાં ત્રીજો ક્રમે

તા. ૨૭-૨૮ સપ્ટેમ્બરે ઈન્દોર ખાતે યોજાનાર સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂના વરદ્ હસ્તે એવોર્ડ સુપરત થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

ભારત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ઇન્ડિયન સ્માર્ટ સિટી એવોર્ડ કોમ્પીટીશન ૨૦૨૨ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાને વોટર કેટેગરી (વોટર બોડી રીસ્ટોરેશન, રેઇન વોટર હાર્વેસ્ટિંગ તેમજ ટેકનોલોજી થી સજ્જ આધુનિકરણ)માં સમગ્ર ભારતમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત થયો છે. આ એવોર્ડ સ્માર્ટ સિટી એરિયામાં ડેવલપ કરવામાં આવેલ અટલ સરોવર પ્રોજેક્ટ માટે મળેલ છે. આગામી માસ તારીખ ૨૭-૨૮ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ઈન્દોર ખાતે યોજાનાર સમારોહમાં ભારતના માનનીય રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂના વરદ હસ્તે એવોર્ડ સુપરત થનાર છે, તેમ મેયર ડો. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ અને મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે ખુશી વ્યકત કરતા જણાવ્યું હતું.

તેમણે વધુમાં માહિતી આપતા એમ જણાવ્યું હતું કે, ભારત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ઇન્ડિયન સ્માર્ટ સિટી એવોર્ડ કોમ્પીટીશન-૨૦૨૨ અંતર્ગત સમગ્ર ભારતના સ્માર્ટ સિટીનાની જુદી જુદી કેટેગરી જેવી કે બિલ્ડ એનવાયરમેન્ટ, કલ્ચર, ઇકોનોમી, ગવર્નન્સ, ICCC સસ્ટેનેબલ મોડલ, મોબિલિટી, સેનિટેશન, સોશિયલ આસપેક્ટ, અર્બન એન્વાયરમેન્ટ, વોટર, ઇનોવેટિવ આઈડિયા વગેરેમાં શહેરમાં થયેલ ઉત્કર્ષ કામગીરીની નોમિનેશન પ્રક્રિયા થયેલ હતી. આ પ્રક્રિયામાં રાજકોટ સ્માર્ટ સિટી દ્વારા વોટર કેટેગરી (વોટર બોડી રીસ્ટોરેશન, રેઇન વોટર હાર્વેસ્ટિંગ તેમજ ટેકનોલોજીથી સજ્જ આધુનિકરણ)માં સ્માર્ટ સિટી એરિયામાં વિકસીત થયેલ અટલ સરોવર પ્રોજેક્ટ અંગે નોમીનેશન/પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. સમગ્ર ભારતમાંથી કુલ ૩૫ શહેરો દ્વારા કુલ ૪૨ નોમીનેશન/પ્રેઝન્ટેશન થયેલ હતું. ત્યારબાદ ભારત સરકાર દ્વારા જે તે વિષયના નિષ્ણાંત અધિકારી પાસે પ્રસ્તુત નોમીનેશન/પ્રેઝન્ટેશનનું અવલોકન અને મૂલ્યાંકન કરાવવામાં આવેલ હતું. જેમાં રાજકોટ શહેરે ત્રીજો ક્રમ પ્રાપ્ત કરેલ છે. આગામી માસ તારીખ ૨૭-૨૮ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મૂ દ્વારા ઈન્દોર ખાતે એવોર્ડ એનાયત થનાર છે.

મેયરડો. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કર પટેલ અને મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે આપી માહિતી

મેયર, ચેરમેન અને કમિશનરએ વિશેષમાં એમ પણ ઉમેર્યું હતું કે, રાજકોટ શહેરનું કુલ ક્ષેત્રફલ ૧૬૪ ચોરસ કિલોમીટર છે. રાજકોટ શહેરી વિસ્તારમાં જેટલો વરસાદ પડે છે તેનું પાણી શહેરના જુદા જુદા વોકળાઓ મારફત આજી-૨ તથા ન્યારી-૨ ડેમમાં જાય છે. જેનો ઉપયોગ રાજકોટને પીવાના પાણી તરીકે ઉપયોગ થતો નથી, જેથી શહેરી વિસ્તારની અંદર વરસાદના પાણીને સંગ્રહ કરવો તે અત્યારના સંજોગોમાં અત્યંત જરૂરી છે.

રાજકોટ સ્માર્ટ સિટી દ્વારા એરિયા બેઇઝડ ગ્રીન ફિલ્ડ ડેવલોપમેન્ટ અંતર્ગત ૯૩૦ એકરમાં ટી.પી. સ્કીમ ન.-૩૨ (રૈયા)ના ટી.પી. રસ્તાઓ ડીઝાઇન મુજબની સ્ટોર્મ વોટર વિગેરે ફિઝિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે વિકસિત કરવામાં આવેલ છે. જેથી સ્માર્ટ સિટીના ૯૩૦ એકર વિસ્તારમાં જે કઈ વરસાદ પડશે તે ટીપે ટીપા પાણીનો સંગ્રહ થશે. અને આજુ બાજુની ૨ કિલોમીટર ત્રિજ્યામાં પાણીનું તળ ઊંચું આવેલ છે.

વિશેષમાં જણાવવાનું કે ચોમાસા દરમ્યાન પાણી સ્ટોર્મ વોટરના નેટવર્ક મારફત તળાવ-૧, તળાવ-૨ કે તળાવ-૩ માં ઠલવાશે. અને તેનો જળ સંચય થશે. તળાવ-૧ કે જે અટલ સરોવર તરીકે ડેવલોપ થઇ રહેલ છે. જેમાં ઉનાળા દરમ્યાન તળાવને ફરી ભરવા માટે ૮ MLD ના ટર્સરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ (TTP) મારફત પાણી ભરવામાં આવશે, જેથી આ તળાવ બારેમાસ ભરેલ રહેશે અને ઊંચા આવશે અને ગ્રેનરી માટે એક ઉતમ ઉદાહરણ થશે.

સામાન્ય રીતે પર્યાવરણ જાળવવા માટે ૩-R (રીડ્યુસ, રી-સાઈકલ અને રી-યુઝ) પ્રચલિત છે. પરંતુ અટલ સરોવર લેક ડેવલોપમાં ૪-છ (રીડ્યુસ, રી-સાઈકલ, રી-યુઝ અને રી-ક્રિએશન)નો સમાવેશ થયેલ છે. રાજકોટ સ્માર્ટ સિટીના ૯૩૦ એકર એરિયામાં અંદાજે ૬૫ હજાર ઝાડ વાવવાની પ્રક્રિયા ચાલુ છે જેથી અંદાજીત ૧૪,૩૫,૧૬૦ કિલોગ્રામ કાર્બન પ્રતિ વર્ષ ઓછો થશે આ ઝાડવાનો ઉછેર કરવા માટે રી-સાઈકલડ વોટરના ઉપયોગ થકી પીવાના પાણીની બચત થશે. જેથી પર્યાવરણની દ્રષ્ટિએ રાજકોટની પ્રજાને નવા નજરાણા તરીકે આગવી ભેટ સ્વરૂપ મળેલ છે.

અટલ સરોવર પ્રોજેક્ટની વિગત :-

પ્રોજેક્ટ ખર્ચ: રૂ. ૧૩૬ કરોડ (૧૫ વર્ષના OM અને રેવેન્યુ શેરીંગ સાથે) ૧,૦૦,૦૦૦ ચો.મી. વિસ્તારમાં વોટર બોડીનો વિકાસ તેમજ ૨,૦૦,૦૦૦ ચોરસ મીટર જમીનમાં પેરિફેરલ ડેવલપમેન્ટ કરવામાં આવેલ છે. જેમાં આર્કિટેક્ચરલ ફીચર્સ જેમ કે પ્રોમેનેડ, ચિલ્ડ્રન પ્લે એરિયા, ટ્રાફિક ગાર્ડન, સિનિયર સિટીઝન ગાર્ડન, ઓપન જીમ, ગઝેબો, ૪૨ ગ્રામ હટ, ફ્લાવર બેડ, બોટનિકલ ગાર્ડન, સોલાર ક્લોક, સુપર ટ્રી, એન્ટ્રન્સ પ્લાઝા, વ્યુઇંગ ડેક, ભુલભુલામણી ગાર્ડન, CI આધારિત ગ્રીલ કમ્પાઉન્ડ વોલ, ટ્રેલીઝ, ટેનસાઈલ કેનોપી, એમ્ફીથિયેટર, પાર્ટી પ્લોટ વગેરેનો સમાવેશ થાય છે. અટલ સરોવર ખાતે મનોરંજન સુવિધાઓમાં ફેરિઝ વ્હીલ, ટોય ટ્રેન, ફ્લોટિંગ જેટી, બોટિંગ, ફાઉન્ટેન આધારિત લાઇટ એન્ડ સાઉન્ડ શો, ૭૦ મીટરઅને ૪૦ મીટર ઊંચાઈનો ફ્લેગમાસ્ટ વગેરેનો સમાવેશ છે. આ ઉપરાંત મૂળભૂત સુવિધાઓમાં ૭ ટોયલેટ બ્લોક, સિક્યોરિટી કેબિન, SS ડસ્ટ બિન, ૧ ઓપન ફૂડ કોર્ટ, ૧ ક્લોઝ ફૂડ કોર્ટ, સાયકલ ટ્રેક, જોગિંગ ટ્રેક, અપર અને લોઅર પ્રોમેનેડ, જનરલ પાથ વે, ૨ પાર્કિંગ સ્ટ્રક્ચર, ફેમવાળા એન્ટ્રી એક્ઝિટ ગેટ, કમ્પાઉન્ડ વોલ, ઇનલેટ સ્ટ્રક્ચર, આઉટલેટ સ્ટ્રક્ચર વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટને આખરી ઓપ આપવાની કામગીરી હાલ ચાલી રહી છે.

વોર્ડ નં.૧૭ માં પેવિંગ બ્લોકનું કામનું ખાતમુહૂર્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬: વોર્ડનં.૧૭ના કોર્પોરેટર કીર્તીબા રાણાની ગ્રાંટમાંથી હુડકો-બી શેરી નં-૧૦ બગીચામાં પેવિંગ બ્લોકનું કામનું ખાતમુહૂર્ત શાસકપક્ષ નેતા વિનુભાઈ ઘવાના વરદ હસ્તે કરવામાં આવ્યું.આ પ્રસંગે શાસકપક્ષ નેતા વિનુભાઈ ઘવા, કોર્પોરેટર કીર્તિબા રાણા, વોર્ડ નં.૧૭ના પ્રમુખ જેન્તીભાઈ નોંધણવદરા, મહામંત્રી યોગેશભાઈ ભટ્ટ, દિનેશભાઈ ભીમાણી, ઈન્દુભા જાડેજા, અજયભાઈ જાદવ, રાજુભાઈ નોંધણવદરા, વિઠલભાઈ અતંગી, દિનેશભાઈ ગોંડલીયા, મનોજભાઈ ટાંક, અને પુષ્પાબેન આમરણીયા, ચંદ્રીકાબેન કપ્રેચા, જોશનાબેન સહિતના લતાવાસીઓ બહેનો તેમજ ભાઈઓ હાજર રહેલ.

અમરેલી-તુલસીશ્યામ-ઉના રૂટની એસ.ટી. બસ બંધ કરી દેવાઈ

મુસાફરો, વિદ્યાર્થીઓમાં નારાજગીનો માહોલ

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૬

અમરેલી એસ.ટી.ડેપોની અમરેલી, તુલસીશ્યામ, ઉના, રૂટની બસ અચાનક છેલ્લા ૨૦ દિવસથી બંધ કરી દેવામાં આવી છે. ખુબ જ ટ્રાફિક હોવા છતાં પણ અધિકારીઓની, મનમાની ચલાવી બંધ કરી દીધી છે. વિદ્યાર્થીઓ અને મુસાફરો ખુબ જ હાલાકી, ભોગવી રહ્યા છે. વિદ્યાર્થીઓ અમરેલી-આવવા માટે આ એક જ બસ છે. ખુબ જ હેરાન થાય છે. મુસાફરો પણ બસની રાહ જોઈને થાકી ગયા છે. સારી આવક, ફુલ ટ્રાફિક હોવા છતાં પણ આ બસ શા માટે બંધ કરી દેવામાં આવે છે ? ધારાસભ્ય જે.વી.કાકડીયા દ્વારા લેખીત ફરીયાદ કરવા છતાં કોઈ સાંભળવું ન હોય એમ.આ બસબંધ કરી દીધી છે.એમનું પણ આ અમરેલી એસ.ટી.તંત્ર માનતું નથી. અને મનમાની ચલાવે છે. આગામી બે દિવસમાં આ બસ શરૂ કરવામાં નહી આવે તો દુધાળા, ખીસરી, ત્રંબકપુર, જીરા, સરસીયાનાં વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે બસ રોકો આંદોલન કરવામાં આવશે.

વિદ્યાર્થીઓ દ્વારા વારંવાર ટેલીફોનીક વાતચીત થાય તો પણ શરૂ બસ નથી કરતા, ખાસ નેસડાવાળા ગરીબ લોકોને વધુ હેરાનગતી ભોગવવી પડે છે.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

વિધવા બહેનોને સહાયતા અંગે ગોવિંદભાઈના કાર્યાલયે કેમ્પ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

ગંગા સ્વરૂપ (વિધવા) બહેનોને સરકાર મારફતે રૂા.૧૨૫૦ની સહાયતાના ફોર્મ તેમજ માર્ગદર્શન અંગે દર રવિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી પૂર્વ મંત્રી ગોવિંદભાઇ પટેલની ઓફીસ રાજનગર ચોક, નાના મૌવા રોડ ખાતેથી સેવા મળશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

દરેક ગંગા સ્વરૂપા બહેનોએ તેમને ફોર્મમાં જોઇતી માહિતી તથા ફોર્મ ભરવા અંગેનું માર્ગદર્શન પણ ત્યાંથી મળશે. વિશેષ માહિતી માટે આ વિભાગની કામગીરી સંભાળતા હસુભાઇ પટેલ ૯૧૦૬૧ ૭૫૭૩૫નો સંપર્ક કરવો. કેમ્પની સંપૂર્ણ વ્યવસ્થા તેમની સેવાભાવી કાર્યકર્તાની ટીમ સાંભળી રહેલ છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

રાજકોટ ગ્રામ્યનો જિલ્લા કક્ષાનો યુવા ઉત્સવ ૨૮મી ઓગસ્ટે યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ-ગાંધીનગર તેમજ કમશિનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ-ગાંધીનગરના ઉપક્રમે, રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા યૂથ એઝ જોબ ક્રિએટર્સની થીમ પર રાજકોટ ગ્રામ્યના જિલ્લા કક્ષાના યુવા ઉત્સવ-૨૦૨૩-૨૪નું આયોજન તા.૨૮મી ઓગસ્ટના રોજ, હેમુ ગઢવી નાટ્યગૃહ તેમજ બાલભવન, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે.

તાલુકા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થયેલા તેમજ સીધી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે અગાઉથી અરજી કરનાર પાત્રતા ધરાવતા ૧૫ થી ૨૯ વર્ષના સ્પર્ધકો-કલાવૃંદો વચ્ચે કુલ ૧૮ સ્પર્ધા માટે હરીફાઈ યોજાશે.

જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થયેલા સ્પર્ધકો-કલાવૃંદો સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે, તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.વી. દિહોરાની યાદીમાં જણાવાયું છે.

રાજકોટ જીલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત

આગામી ૧૫ માં હપ્તાનો લાભ લેવા માટે E-KYC ફરજીયાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ખેડૂતોને વાર્ષિક રૂ.૬,૦૦૦ લેખે સહાયની રકમ સીધી લાભાર્થી ખેડૂતોના બેંક ખાતામાં જમા કરાવવામાં આવે છે પરંતુ અમુક લાભાર્થીઓના બેંક ખાતાની વિગતો અધૂરી અથવા ક્ષતિવાળી હોવાથી સહાય બેંક ખાતામાં સમયસર જમા થઈ શકતી નથી તેના નિવારણ માટે કેન્દ્ર સરકારની સૂચના મુજબ E-KYC ફરજીયાત કરવામાં આવેલ છે.

આ માટે લાભાર્થી ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવક/સી.એસ.સી સેન્ટર/વી.સી.ઈ. પાસેથી તથા પી.એમ કિસાન વેબસાઈટ pmkisan.gov.in/Beneficiary Status.aspx પર પોતાનું સ્ટેટસ આધારકાર્ડ નંબર દ્વારા જાણી શકે છે. ઈ-કે.વાય.સી. માટે લાભાર્થીઓ પોતાનું આધાર કાર્ડ તથા મોબાઈલ સાથે ગ્રામ્ય કક્ષાએ વી.સી.ઈ./ કોમન સર્વિસ સેન્ટર (સી.એસ.સી) ખાતે ઉપલબ્ધ થઈ કામગીરી પૂર્ણ કરી શકાશે.

વધુમાં લાભાર્થી ખેડૂતોના આધાર કાર્ડ, પોતાના મોબાઈલ નંબર સાથે લિંક થયેલ થઈ ગયેલ હોય તેવા ખેડૂતો પોતાની જાતે ઘર બેઠા અથવા ઈન્ટરનેટના જાણકાર વ્યક્તિ દ્વારા https://pmkisan.gov.in/ વેબસાઈટ પર જઈ ઈ-કેવાયસી ઓપ્શન પર જઈ પોતાની માહિતી અપડેટ કરી શકશે તથા ફેસ ઓથેન્ટીકેશન વેબસાઈટ ડાઉનલોડ કરી પોતાની જાતે ઈ-કેવાયસી સ્ટેટસ પણ અપડેટ કરી શકે છે. તદુપરાંત ભારત સરકાર દ્વારા પી.એમ. કિસાન યોજનાનો લાભ આધાર બેઝડ ડી.બી.ટી. મારફત જ આપવામાં આવે છે, જેમાં લાભાર્થીઓએ જે બેંકમાં બેંક ખાતુ ધારણ કરતા હોય તે બેંકની શાખામાં રૂબરૂ મુલાકાત લઈ આધાર સીડિંગ તેમજ યુઆઇડી ઇનેબલની કાર્યવાહી પૂર્ણ કરવાની રહે છે. આ સિવાય ઈ-કેવાયસી માટે ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવક અને તલાટી કમ મંત્રી તથા નજીકના કોમન સર્વિસ સેન્ટર (સી.એસ.સી), મામલતદાર કચેરી, પોસ્ટ ઓફિસની મુલાકાત લઈને પણ ઈ-કે.વાય.સી. કરી શકાશે.

આગામી ઓક્ટોબર માસ માટે રીલીઝ થનાર ૧૫ મા હપ્તાના સહાયની રકમ તમામ લાભાર્થીઓના બેન્ક ખાતામાં સમયસર જમા થાય તે માટે રાજકોટ જિલ્લાના ખેડૂતોને જેમને ઈ-કેવાયસી બાકી હોય તે તમામને ઈ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી અશોક સોજિત્રાની યાદીમાં જણાવાયું છે.

અવસાન નોંધ

રાજકોટ: ચા.મ. મોઢ બ્રાહ્મણ મૂળ કોટડા નાયાણી હાલ રાજકોટ લાભકુંવરબેન પંડ્યા (ઉં.વ. ૯૨), તે સ્વ જયંતીલાલ ગૌરીશંકર પંડ્યા (રાજકોટ નાગરિક સહકારી બેંક) ના પત્ની, સ્વ. જગદીશભાઈ પંડ્યા (રાજકોટ નાગરિક સહકારી બેંક), રોહિતભાઈ તથા પરેશાબેન હરેશકુમાર ભટ્ટનાં માતા, તપનભાઇ (રાજકોટ નાગરિક સહકારી બેંક) અને ખ્યાતિબેન હેમેન્દ્રસિંહ ડોડીયાનાં દાદીમાં તથા સ્વ.ફૂલશંકર કાલિદાસ ત્રિવેદી (હડાળાવાળા)ના દીકરીનું તા.૨૪ને શુક્રવારે અવસાન થયું છે. બન્ને પક્ષનું બેસણું તા.૨૮ને સોમવારે સાંજે ૫ થી ૬, શ્રી ચા. મ. મોઢ બ્રાહ્મણ બોર્ડિંગ, 'ગુલાબ વાડી', મિલપરા મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

સાણંદ ખાતે કાલે રાજપૂત ક્ષત્રિય સુપ્રીમ કાઉન્સિલ આયોજિત રાજપૂત સ્વાભિમાન મહાચિંતન શિબિર યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

રાજપૂત સમાજના મોભીઓ દ્વારા થોડા સમય પહેલા શ્રી રાજપૂત ક્ષત્રિય સુપ્રીમ કાઉન્સિલના બંધારણ માટે બંધારણ ડ્રાફ્ટિંગ સમિતિ (CDC) ની રચના કરી હતી. તેમાં વડીલો દ્વારા વરણી પામેલા વિશેષજ્ઞશ્રીઓએ ગહન અભ્યાસ, અધ્યયન, ચિંતન અને મનનથી તૈયાર કરેલા બંધારણના વિવિધ મુસદ્દાનું સમાજની બહાલી માટે જાહેર પઠન, સમાજની એકતા અને અસ્મિતા બરકરાર રાખવા માટે મનોમંથન કરવા, તેમજ સમાજ શ્રેષ્ઠી સ્વ. દેવિસિંહજી બાપુ જાદવ અને સ્વ.મહિપાલસિંહજી વાળાને શ્રદ્ધા સુમન અર્પણ કરવા અને શ્રી રાજપૂત ક્ષત્રિય સુપ્રીમ કાઉન્સિલનાં પદનામિત પ્રમુખ લક્ષ્મણસિંહજી યાદવને પાઘડી અર્પણ સન્માન સમારોહમાં તા ૨૭/૮ ના રોજ બપોરે ૩ સાણંદ apmc (માર્કેટિંગ યાર્ડ) ખાતે યોજાશે. તેમ જણાવ્યું છે.

રાજકોટ ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાંથી રેક્ટરને ચકમો આપી ૪ સગીરા ફરાર

શુક્રવારે સવારે નાસ્તો કર્યા બાદ પાણી પીવા જવાનું કહી ભાગેલી ચારેય સગીરા છેલ્લે રાષ્ટ્રીયશાળા નજીક સીસીટીવી કેમેરામાં કેદ થઇ

રાજકોટ.તા.૨૬

શહેરના ભક્તિનગર સ્ટેશન રોડ પર આવેલા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાં રહેતી ૪ સગીરા શુક્રવારે સવારે રેક્ટરને ચકમો આપી નાસી છૂટતાં દોડધામ મચી ગઇ હતી. ચારેય સગીરા દુષ્કર્મનો ભોગ બની હતી અને છ મહિનાથી માંડી એક વર્ષથી આ હોમમાં રહેતી હતી. સગીરાને શોધી કાઢવા પોલીસની અલગ અલગ ટીમો અલગ અલગ સ્થળે રવાનાથઇ હતી.

ભક્તિનગર સ્ટેશન રોડ પર આવેલા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાં ઓફિસર ઇન્ચાર્જ તરીકે ફરજ બજાવતા પૂજાબેન લક્ષ્મણભાઇ શિયાળે ચાર સગીરાના ફરાર થઇ જવા અંગે એ. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પૂજાબેન શિયાળે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ભક્તિનગર સ્ટેશન રોડ પર આવેલા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાં ૪૫ જેટલી સગીરાઓને રાખવામાં આવી છે. શુક્રવારે સવારે ૭.૩૦ વાગ્યાના અરસામાં તમામ સગીરાઓને નિત્યક્રમ મુજબ નાસ્તો આપવામાં આવ્યો હતો અને સગીરાઓ નાસ્તો કરી રહી હતી. ૭.૪૫ વાગ્યાના અરસામાં ચાર સગીરા હોમના મહિલા રેક્ટર પાસે આવી હતી અને મહિલા રેક્ટરને વાતોમાં ઉલઝાવ્યા હતા.

વાતચીત કર્યા બાદ બે સગીરા ત્યાંથી દૂર જઇ હોમના ગેટ નજીકના ખૂણા પર ગોઠવાઇ ગઇ હતી જ્યારે અન્ય બે સગીરાએ પાણી પીવા જઇએ છીએ તેમ કહી ગેટ નજીક પહોંચી હતી અને ગેટ પહેલાની જાળી ખોલતાં જ રેક્ટરનું તેના પર ધ્યાન પડ્યું હતું. મહિલા રેક્ટરે બૂમ પાડતાં જ જાળી ખોલનાર બંને સગીરાએ ગેટ ખોલી નાખ્યો હતો અને તે બે તેમજ અગાઉથી ખૂણામાં ગોઠવાઇ ગયેલી અન્ય બે સગીરા સહિત ચારેય સગીરા મહિલા રેક્ટરની નજર સામે દોડીને હોમની બહાર ભાગી ગઇ હતી. મહિલા રેક્ટરે થોડે સુધી દોડીને પીછો કર્યો હતો પરંતુ ચારેય નાસી જવામાં સફળ થઇ હતી.

ઘટનાની જાણ થતાં પૂજાબેન શિયાળ સહિતના અધિકારીઓ હોમ પર પહોંચ્યા હતા અને નજીકમાં જ આવેલા ભક્તિનગર રેલવે સ્ટેશન, જંકશન રેલવે સ્ટેશન અને બસ સ્ટોપ પર ટીમ રવાના કરી હતી, પરંતુ ફરાર થઇ ગયેલી ચાર પૈકીની એક પણ સગીરા હાથ નહીં આવતાં પોલીસમાં જાણ કરવામાં આવી હતી. પોલીસે પૂજાબેનની ફરિયાદ પરથી ચારેય સગીરાના અપહરણ થયાનો ગુનો નોંધ્યો હતો.

પૂજાબેન શિયાળે જણાવ્યું હતું કે, ચારેય સગીરા રાજકોટ જિલ્લાના અલગ અલગ શહેર અને ગામમાં રહેતી હતી. ચારેય સગીરા અગાઉ તેના પ્રેમી સાથે નાસી ગઇ હોય તેના પરિવારજનોએ જેતે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી અને પોલીસે સગીરા અને તેના પ્રેમીને શોધી કાઢ્યા બાદ સગીરાઓના પ્રેમી સામે દુષ્કર્મ અને પોક્સો સહિતની કલમનો ઉમેરો થયો હતો. ચારેય સગીરાને પોલીસે શોધી કાઢ્યા બાદ સગીરા તેના પરિવારજનો સાથે જવા ઇચ્છુક નહીં હોવાથી તેમને કોર્ટે ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાં મોકલી હતી.

નાસી છૂટેલી ચારેય સગીરા દુષ્કર્મનો ભોગ બનનાર છે. દુષ્કર્મનો ભોગ બનેલી ચાર સગીરા એકસાથે નાસી છૂટ્યાની ઘટનાને ગંભીરતાથી લઇ શહેર પોલીસે વિવિધ સ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતાં છેલ્લે ચારેય સગીરા રાષ્ટ્રીયશાળા નજીક સાથે જોવા મળી હતી. ત્યાર-બાદ તેની ભાળ નહીં મળતાંઅન્ય ફૂટેજ ચેક કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાંથી ભાગેલી ચારેય સગીરા તેના જ પ્રેમીના દુષ્કર્મનો ભોગ બનેલી હતી. સગીરાઓને પોલીસે શોધી કાઢ્યા બાદ સગીરા તેના માતા-પિતા સાથે જવા ઇચ્છતી નહોતી અને દુષ્કર્મ તેમજ પોક્સો એક્ટ હેઠળ તેના પ્રેમીને જેલહવાલે કરવામાં આવ્યા હતા. નાસી છૂટેલી સગીરાઓના પ્રેમીનો જામીન પર છુટકારો થયો હોય અને તેઓ પોતપોતાના પ્રેમી પાસે ભાગી ગયાની શંકાના આધારે પોલીસે સગીરાના પ્રેમીઓના ઘર સહિતના સ્થળે તપાસ શરૂ કરી હતી.

યાર્ડના વેપારીઓએ અફઘાન-ચાઈનાના લસણ સ્વીકારવાનું બંધ કર્યું

શાકભાજીની આવક વધતા ભાવમાં ઘટાડો, ટમેટાં રૂ.૫૦ના કિલો થયો

રાજકોટ.તા.૨૬

બેડી યાર્ડમાં સૌરાષ્ટ્ર અને દેશ-વિદેશની જણસીની ખરીદી તેમજ વેચાણ થાય છે. ત્યારે વેપારીઓ અને કમિશન એજન્ટોએ અફઘાન-ચાઈનાના લસણની આવક સ્વીકારવાનું બંધ કર્યું છે જ્યારે બીજી તરફ શાકભાજી અને ટમેટાંની આવક વધતા ભાવમાં ઘટાડો થયો છે. હાલ ટમેટાંનો ભાવ રૂ. ૩૦થી ૫૦ સુધી પહોંચ્યો છે.

આ અંગે વધુ માહિતી આપતા સૌરાષ્ટ્ર કમિશન એજન્ટ એસો.ના પ્રમુખ અતુલભાઈ કમાણીએ જણાવ્યું હતું કે, અફઘાનથી લસણ આવે છે તે ચાઈનાથી આવે છે. આજથી ૧૦ દિવસ પહેલાં જામનગર યાર્ડમાં આવું લસણ આવ્યું હતું. જેનો સ્વીકાર ત્યાં નહિ થતા ત્યાંથી તે લસણ ગોંડલ યાર્ડમાં ગયું હતું અને ત્યાંથી રાજકોટ આવ્યું હતું. સૌરાષ્ટ્રમાં જ લસણની આવક આવક પૂરતા પ્રમાણમાં છે. ચાઈનાથી મોકલાયેલું લસણ અફઘાન થઇને અહીં આવતું હોવાની સંભાવના વેપારીઓએ વ્યક્ત કરી છે. ત્યાંનું લસણ ખરીદવા કોઈ તૈયાર થતું નથી. આથી આ આવક બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. ૧૦ દિવસ પૂર્વે ત્યાંથી લસણ આવ્યું હતું. ત્યારબાદ આવક નથી.

યાર્ડમાં ધીમે ધીમે નવી મગફળીની આવક વધી રહી છે. આવક વધતા પિલાણ પણ વધી રહ્યું છે. જેને કારણે તેલના ભાવમાં ઘટાડો આવ્યો છે. શુક્રવારે સિંગતેલના ભાવમાં રૂ.૧૫નો ઘટાડો થયો હતો. જ્યારે કપાસિયા તેલમાં રૂ.૧૦ ઘટ્યા હતા. જોકે જૂન-જુલાઈ માસમાં સિંગતેલના ભાવ રેકોર્ડબ્રેક નોંધાયા હતા. જેની સરખામણીએ તેલના ભાવમાં માત્ર રૂ. ૧૫નો જ ઘટાડો આવ્યો છે. હાલ તહેવારને કારણે તેલની ડિમાન્ડ વધી છે.

પાટડી યુવાનોએ ૩ દિવસ રાજકોટ આસપાસ રોકાઇ ગાંજાનો મોટો જથ્થો વેચી નાખ્યાની શંકા

રાજકોટ રૂરલ એસઓજીએ ૮૦૮ ગ્રામ ગાંજો જપ્ત કરી બીજો જથ્થો કોને વેંચી નાખ્યો તે દિશામાં તપાસ હાથ ધરી

રાજકોટ, તા. ૨૬

રાજકોટ ગ્રામ્ય એસઓજીની ટીમે રાજકોટની ભાગોળે ખીરસરા પેલેસ પાછળ આવેલા ખોડીયાર માતાજીના મંદિર પાસે ખરાબાની ખુલ્લી જગ્યામાંથી ૮૦૮ ગ્રામ ગાંજો સાથે સુરેન્દ્રનગરના પાટડીમાં રહેતા બે યુવાનોની ધરપકડ કરી હતી. અ બંને યુવકે ૩ દિવસથી રાજકોટ આસપાસના વિસ્તારમાં રોકાઇ ગાંજોનો મોટો જથ્થો વેચી નાખ્યો હોય તેવી શંકા છે. તપાસમાં એવું પણ સામે આવે છે કે આરોપીઓને ગાંજાનું પેમેન્ટ લેવાનું બાકી હોવાથી રોકાયા હતા.

નશાકારક પદાર્થોની હેરફેર અટકાવી આવી પ્રવૃતિ કરતા તત્વો સામે કાર્યવાહી કરવા રેન્જ આઇજી અશોકકુમાર યાદવ અને રાજકોટ એસપી જયપાલસિંહ રાઠોડે સુચના આપી હતી. જેથી ગોંડલ સર્કલ પીઆઇ એ.સી.ડામોરના માર્ગદર્શન હેઠળ એસઓજી પીએસઆઇ બી.સી.મિયાત્રાની રાહબરીમાં રૂરલ એસઓજીનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. ત્યારે હેડ કોન્સ્ટેબલ અમિતભાઇ કનેરીયા, કોન્સ્ટેબલ કાળુભાઇ ધાધલ, અમિતદાન સુરૂને બાતમી મળી હતી કે લોધીકા પોલીસની હદમાં આવતા ખીરસરા પેલેસના પાછળના ભાગે મંદિર પાસે ખરાબાની ખુલ્લી જગ્યામાં બે આરોપી ગાંજાનું વેચાણ કરે છે.

દરોડો પાડી ભરત વીઠા પાટડીયા (રહે. પાટડી ગામ, સંઘ પેટ્રોલ પંપની પાછળ (જિ. સુરેન્દ્રનગર) અને અનવરશા ઇમામશા ફકીર (રહે. પાટડી ગામ, જિ. સુરેન્દ્રનગર)ની ધરપકડ કરાઇ હતી. તેની પાસેથી રૂા. ૮૦૮૦ની કિંમતનો ૮૦૮ ગ્રામ ગાંજો, અગાઉ વેચી નાખેલા ગાંજાના વેચાણના રૂા. ૧૧૦૦૦ રોકડા, ૨ મોબાઇલ ફોન મળી રૂા. ૨૩૦૮૦નો મુદામાલ કબ્જે કરાયો હતો.

લોધીકા પોલીસ મથકે ગુનો નોંધી એસઓજીની ટીમે વધુ તપાસ હાથ ધરી છે. આ કામગીરીમાં પીઆઇ એસ.સી.ડામોર, પીએસઆઇ વી.સી.મિયાત્રા, હેડ કોન્સ્ટેબલ હિતેષભાઇ અગ્રાવત, અમિતભાઇ કનેરીયા, જયવીરસિંહ રાણા, વિજયભાઇ વેગડ, અરવિંદભાઇ દાફડા, ભગીરથસિંહ જાડેજા, કોન્સ્ટેબલ રણજીતભાઇ ધાધલ, વિજયગીરી ગોસ્વામી, કાળુભાઇ ધાધલ, અમિતદાન સુરૂ, ડ્રા.એએસઆઇ રાયધનભાઇ ડાંગર અને ડ્રા.(હે.) કોન્સ્ટેબલના મહેશભાઇ ધીરજલાલ રોકાયેલા હતા.

આરોપી ભરતની પુછપરછ કરતા તેણે પોતાનો બચાવ કર્યો હતો અને જણાવેલ કે તેને આ ૮૦૮ ગ્રામ ગાંજો પાટડીમાં એક ટ્રકવાળા પાસેથી પોતાને પીવા માટે લીધો હતો. અત્રે રાજકોટમાં મરચાની ભુકકી વેચ વા આવ્યા હતા. અનવરશા તેની સાથે આવ્યો હતો. જોકે પોલીસને સ્પષ્ટ શંકા છે કે ગાંજાનો બીજો જથ્થો આરોપીઓ કોઇને વેચી દીધો છે. તેનું પેમેન્ટ લેવા જ રોકાયા હતા.

ICSI દ્વારા જૂનમાં લેવાયેલી કંપની સેક્રેટરીઝનું પરિણામ જાહેર

સીએસ એક્ઝિક્યુટિવનું ૧૪.૦૨% પ્રોફેશનલનું ૧૪.૦૫% પરિણામ જાહેર : એક્ઝિક્યુટિવના પરિણામમાં ભૂમિકા સિંઘે ઓલ ઇન્ડિયા ફર્સ્ટ

રાજકોટ.તા.૨૬

પ્રોફેશનલ પ્રોગ્રામ અને એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ માટે કંપની સેક્રેટરીઝની જૂન-૨૩માં લેવાયેલી પરીક્ષાનું પરિણામ ૨૫મી ઓગસ્ટના રોજ નવી દિલ્હી ખાતે જાહેર કરવામાં આવ્યું છે.એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ પરીક્ષામાં ગુજરાત રાજ્યમાંથી મોડ્યુલ-I માં ૮.૩૦ ટકા અને મોડ્યુલ II માં ૧૪.૦૨ ટકા ઉમેદવારો પાસ થયા છે જ્યારે રાજ્યમાંથી પ્રોફેશનલ પ્રોગ્રામ પરીક્ષામાં, મોડ્યુલ - I માં ૭.૭૯ ટકા, મોડ્યુલ - II માં ૬.૦૯ ટકા તેમજ મોડ્યુલ - III માં ૧૪.૦૫ ટકા ઉમેદવારો પાસ થયા છે.પ્રોફેશનલ પ્રોગ્રામ પરીક્ષામાં મોડ્યુલ-૧ માં ૯.૦૭ ટકા, મોડ્યુલ-II ૧૩.૧૧ ટકા અને મોડ્યુલ-III માં ૭.૮૬ ટકા ઉમેદવારો પાસ થયા.

કોલ્હાપુર પરીક્ષા કેન્દ્રમાંથી રાશી અમૃત પારખે અખિલ ભારતમાં પ્રોફેશનલ પ્રોગ્રામ પરીક્ષામાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ પરીક્ષામાં મોડ્યુલ-૧માં ૫.૮૫ ટકા અને મોડ્યુલ-II માં ૧૩.૦૫ ટકા ઉમેદવારો પાસ થયા છે. ભૂમિકા સિંઘે મેરઠ પરીક્ષા કેન્દ્રમાંથી પરીક્ષા આપી હતી જેમાં એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ પરીક્ષામાં ઓલ ઈન્ડિયા ફર્સ્ટ રેન્ક મેળવ્યો હતો. એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ પરીક્ષામાં રોહન દિનેશભાઈ પંજવાનીએ ઓલ ઈન્ડિયા ૩જો રેન્ક, સાહિલ પટેલ ઓલ ઈન્ડિયા ૬ઠ્ઠો રેન્ક અને અશ્લેષા પ્રજાપતિએ ઓલ ઈન્ડિયા ૧૦મો રેન્ક હાંસિલ કર્યો છે. કંપની સેક્રેટરીઝ એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ અને પ્રોફેશનલ પ્રોગ્રામની આગામી પરીક્ષાઓ ગુરુવાર, ૨૧મી ડિસેમ્બર, ૨૦૨૩થી શનિવાર, ૩૦મી ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન યોજાશે.

સીએસ એક્ઝિક્યુટિવ ડીસેમ્બર-૨૦૨૩ તેમજ પ્રોફેશનલ જૂન - ૨૦૨૪થી નવા કોર્સ મુજબ પરીક્ષા થશે. જરુરી પરીક્ષા ફી સાથે વિદ્યાર્થીઓ ૨૬ ઓગસ્ટથી ઓનલાઈન અરજી કે રજીસ્ટ્રેશન કરી શકાશે. સીએસ ઈન્સ્ટિટ્યુટ દ્વારા એક્ઝિક્યુટિવ-પ્રોફેશનલમાં નવો કોર્સ લાગુ કરાયો છે. જેમાં ડાટા સાયન્સ, જીએસટી, ફોરેન્સિક, આર્ટીફિશયલ ઈન્ટેલિજન્સ સહિતની બાબતોનો સમાવેશ કરાયો છે.

રાજકોટ રેલવે ડિવિઝનમાંથી પસાર થતી ૪ ટ્રેનો રદ્દ

૧ રિ-શિડ્યુલ કરાઈ; સુરત યાર્ડ ખાતે નોન-ઈન્ટરલોકીંગ કામગીરીના લીધે નિર્ણય કરાયો

રાજકોટ.તા.૨૬

રેલવે ડિવિઝનમાંથી પસાર થતી ૪ ટ્રેનો રદ્દ અને ૧ ટ્રેન રિ-શિડ્યુલ કરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં સુરત યાર્ડ ખાતે ૨૬ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ૦૯.૩૦ કલાકથી ૨૮ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ સાંજે ૦૫.૩૦ કલાક સુધી નોન-ઈન્ટરલોકીંગ (NI) કામ માટે ૫૬ કલાકનો મેગા બ્લોક લેવામાં આવશે. સુરત-ઉધના થર્ડ લાઈનના કામ માટે આ બ્લોક લેવામાં આવશે. આ કામગીરીને કારણે રાજકોટ રેલવે ડિવિઝનમાંથી પસાર થતી ટ્રેનોને અસર થશે.

રદ કરાયેલી ટ્રેનો:૨૬.૦૮.૨૦૨૩ અને ૨૭.૦૮.૨૦૨૩ના રોજ હાપાથી શરૂ થતી ટ્રેન નંબર ૧૨૨૬૮ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ રદ્દ કરાઈ, ૨૫.૦૮.૨૦૨૩ અને ૨૬.૦૮.૨૦૨૩ના રોજ મુંબઈ સેન્ટ્રલથી શરૂ થતી ટ્રેન નંબર ૧૨૨૬૭ મુંબઈ સેન્ટ્રલ-હાપા દુરંતો એક્સપ્રેસ રદ્દ કરાઈ, ૨૭.૦૮.૨૦૨૩ના રોજ જામનગરથી શરૂ થતી ટ્રેન નંબર ૨૨૯૨૪ જામનગર-બાંદ્રા ટર્મિનસ હમસફર એક્સપ્રેસ રદ્દ કરાઈ, ૨૬.૦૮.૨૦૨૩ના રોજ બાંદ્રા ટર્મિનસથી શરૂ થતી ટ્રેન નંબર ૨૨૯૨૩ બાંદ્રા ટર્મિનસ-જામનગર હમસફર એક્સપ્રેસ રદ્દ કરાઈ

રિ-શિડ્યુલ કરેલી ટ્રેનો : ૨૮.૦૮.૨૦૨૩ની ટ્રેન નંબર ૧૯૦૧૫ દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસને રિ-શિડ્યુલ કરવામાં આવેલી છે. આ ટ્રેન દાદર સ્ટેશનથી બે કલાક મોડી દોડશે.કામ પૂર્ણ થતાની સાથે મુસાફરોને મોટી રાહત મળશે નોંધનીય છે કે, એકીસાથે ૪ ટ્રેનો રદ્દ થવાથી મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડશે. જેના માટે રેલવે ડિવિઝન દ્વારા ખેદ વ્યક્ત કરવામાં આવ્યો છે. સાથે જ જણાવાયું છે કે, સુરત-ઉધના થર્ડ લાઈનના કામ માટે આ બ્લોક લેવામાં આવનાર છે. જેનું કામ પૂર્ણ થતાની સાથે મુસાફરોને મોટી રાહત મળશે. તો ટ્રેનોના સ્ટોપેજ, રચના તેમજ સમય વિશેની વિગતવાર માહિતી માટે **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લેવા પણ જણાવાયું છે.

ક્રાઈમ કોર્નર

બાબરિયા કોલોનીમાં જુગાર રમતા ૩ ઝડપાયા

શહેરની બાબરિયા કોલોની આરએમસી ક્વાટરમાં ભક્તિનગર પોલીસ મથકના પીએસઆઈ એમ એન વસાવા સહિતના સ્ટાફે બાતમી આધારે દરોડો પાડી જુગાર રમતા ભાવનાબેન મહેશભાઈ રાવલ, મનીષાબેન રણજીતભાઈ બાબરિયા અને ચિરાગ ઉર્ફે ટીનીયો ચંદ્રકાંતભાઈ ભીંડોરાને ઝડપી લઈ ૧૦,૫૦ કબજે કર્યા છે.

વેપારીને ધમકી આપનાર શખ્સની ધરપકડ

શહેરના મેઘાણીનગરમાં રહેતા વેપારી વિપુલભાઈ વલ્લભભાઈ વણપરિયાએ ગત સોમવારે મુકેશ બચુભાઈ દોંગા સામે ભક્તિનગર પોલીસમાં ધમકી આપવા અંગે ફરિયાદ નોંધાવી હતી જેમાં વેપારીએ રીબડાની વડીલોપાજીર્ત જમીન વેચી હોય જેથી મુકેશએ પિતાને ફોન કરી જમીન વેચી છે તો ૭ લાખ આપવા પડશે કહી ખંડણી માંગી હતી પિતાએ શેના પૈસા તેમ પૂછતાં જીવવું હોય તો પૈસા આપવા પડશે તેમ કહેતા ફરિયાદ નોંધાવતા પીઆઈ એમ એમ સરવૈયા સહિતના સ્ટાફે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ધમકી આપનાર બેલડી સામે ફરિયાદ

પુષ્કરધામ સોસાયટીમાં રહેતા અને નિવૃત જીવન જીવતા મધુકરભાઈ મૂળશંકરભાઈ પંડ્યા બપોરે કાલાવડ રોડ પર જતા હતા ત્યારે જી જે ૦૩ બી એક્સ ૩૭૪૪ નંબરની રીક્ષાના ચાલક પ્રવીણ દાદુભાઈ મઢવીએ રીક્ષા અથડાવતા ઈજા થઈ હતી તે પછી જીગ્નેશ માલવિયાને બોલાવી ઝઘડો કરી મધુકરભાઈ તથા તેના પુત્ર દેવાંગ અને જમાઈ નિલયભાઈને ગાળાગાળી કરી જોઈ લેવાની ધમકી આપતા તાલુકા પોલીસમાં બંને સામે ફરિયાદ નોંધાવી હતી.

બેંક ભરણામાં ૩૫૪ નકલી નોટ ધાબડી દેવાઈ

શહેરના શ્રોફ રોડ ઉપર રહેતા અને ભક્તિનગર સર્કલ એચડીએફસી બેંકમાં ડેપ્યુટી વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ફરજ બજાવતા નરેન્દ્રભાઈ શંકરલાલ ભોમીયાએ અજાણ્યા ગ્રાહકો સામે ભક્તિનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમની તમામ બ્રાંચોના ભરણામાં એપ્રિલથી જુલાઈ દરમિયાન ૨૦૦૦ના દરની ૧૦૩, ૫૦૦ના દરની ૬૯, ૨૦૦ના દરની ૫૭, ૧૦૦ના દરની ૧૧૫, ૫૦ના દરની ૯ અને ૨૦ના દરની ૧ મળી ૩૫૪ નકલી નોટ જમા કરાવી દેવામાં આવી છે આ અંગે એસઓજી પીઆઈ જે ડી ઝાલાએ તપાસ હાથ ધરી છે.

મહિલાનો એસીડ પી આપઘાતનો પ્રયાસ

હુડકો ક્વાટરમાં રહેતા વંદનાબેન સંજયભાઈ જોષીએ એસીડ પી લેતા સિવિલ હોસ્પીટલે ખસેડાયા હતા પ્રાથમિક પુછતાછમાં ૧૨ વર્ષની દીકરીને વંદનાબેન વારંવાર મારકુટ કરતા હતા અને નાની નાની બાબતે ઠપકો આપતા હતા માતાએ ફરી હાથ ઉગામી લેતા કંટાળેલી દીકરીએ ૧૮૧માં ફોન કરી દેતા પોલીસ પોતાને પકડી જશે તેવી બીકે વંદનાબેને એસીડ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

મહિલાને ચાર શખ્સોએ માર માર્યો

શહેરના બેડીપરામાં રહેતા હેતલબેન વિજયભાઈ ગાગડીયા સવારે મોરબી રોડ જકાતનાકા પાસે ફુલનો વેપાર કરવા ગયા ત્યારે સોનલબેન તેના થડા ઉપર બેસી ગયા હોય તેમને પોતાની જગ્યાએ જવાનું કહેતા અન્ય ત્રણ સંબંધીને બોલાવી ઝઘડો કરી હેતલબેનને ઢીકાપાટુનો માર માર્યો હતો અને ગાળો ભાંડી. ધોકાથી હુમલો કરતા ચારેય સામે બી ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

એરપોર્ટ પોલીસ મથકમાં યુવાન પર હુમલો

બામણબોર ગામે રહેતો અને ખેતીકામ કરતા ગોરધનભાઈ તેજાભાઈ બાવળીયાને તેના ભાઈ ભવાન સાથે જમીન બાબતે ઝગડો ચાલતો જે બાબતે એરપોર્ટ પોલીસ મથકમાં તેની માતા સાથે ફરિયાદ કરવા જતા તેનો ભાઈ ભવાન અને ભત્રીજો રોહિતે ધસી આવી મારકૂટ કરી ધમકી આપતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

બાળકો માતાવિહોણા બનતાં અરેરાટી વ્યાપી

મૂળ મધ્યપ્રદેશનાં અને હાલ પડધરીનાં ખામટા ગામે છેલ્લા એક વર્ષથી ખેતીકામ કરતાં મહેન્દ્રભાઈ હારુભાઈ બામનીયાની પત્ની રેલમબેન (ઉં.વ.૨૮) ગર્ભવતી હોય અને ગઈકાલે તેને પ્રસૂતિની પીડા ઉપડતાં પ્રસૂતિ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેઓએ તંદુરસ્ત પુત્રને જન્મ આપ્યો હતો ત્યારે પરિવારમાં ખુશીનો માહોલ છવાયો હતો પરંતુ, આદિવાસી પરિવારની ખુશી ગમમાં ફેરવાઈ ગઈ હતી અને નવજાત બાળક આંખ ખોલે તે પેહલાં જ તેની માતાની તબિયત લથડતાં સારવારમાં ખસેડાઈ હતી પરંતુ, સારવાર કારગત ન નીવડતાં તેમનું મોત નીપજતા પરિવારમાં આક્રંદ છવાયો હતો. આ બનાવ અંગે સિવિલ ચોકીનાં સ્ટાફે નોંધ કરીને પડધરી પોલીસને જાણ કરી હતી. મહિલાનાં લગ્ન ૧૧ વર્ષ પહેલાં થયા હતાં અને અગાઉ તેમને સંતાનમાં ત્રણ પુત્રી અને એક પુત્ર છે. જ્યારે ગઈકાલે પુત્રનો જન્મ થયા બાદ તેને દુનિયા છોડી દેતાં પાંચ બાળકો માતા વિહોણા બનતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

બેફામ કારચાલકે બાંકડા પર બેઠેલા વૃદ્ધને અડફેટે લીધા

રાજકોટ જિલ્લાના જામકંડોરણાના કાના વડાળામાં રહેતા ખુમાનસિંહ જામભા જાડેજા ગામમાં જ જામકંડોરણા – કાલાવડ રોડ પર આવેલા કમલેશ્વર મહાદેવ સામે રોડની સાઈડમાં સિમેન્ટના બાંકડા પર બેઠા હતા. આ દરમિયાન જીજે.૦૩.એફકે.૨૮૪૦ નંબરની ઈકો કાર બેફામ સ્પીડમાં આવી હતી અને અચાનક જ બાંકડા સહિત ખુમાનસિંહને અડફેટે લઈ ફંગોળી દીધા હતા. કાર એક સિમેન્ટના વીજ થાંભલા સાથે અથડાઈ હતી જેમાં થાંભલો પણ તૂટી પડ્યો હતો. ઉપરાંત બાંકડો પણ ભાંગી ગયો હતો. કાર એટલી સ્પીડમાં ભટકાઈ હતી કે, કારનો આગળનો ભાગ ભાંગીને ભૂકો થઈ ગયો હતો. આસપાસ ઉભેલા લોકોએ અને રાહદારીઓએ ૧૦૮માં જાણ કરી હતી દરમિયાન ખુમાનસિંહના પરિવારજનો પણ દોડી આવ્યા હતા. ઈકો ચાલક કાર મુકી ફરાર થઈ ગયો હતો. આ તરફ જામકંડોરણા પોલીસને જાણ થતાં પોલીસ સ્ટાફ દોડી ગયો હતો. હાલ મૃતકના પુત્ર કનકસિંહ જાડેજા(ઉ.વ.૩૫)ની ફરિયાદ પરથી ઈકો કારના ચાલક સામે આઈપીસી કલમ ૩૦૪(અ), ૨૭૯, ૩૩૭, ૩૩૮ અને એમ.વી. એકટ મુજબ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નેશનલ મેડિકલ કમિશન દ્વારા ૧૦,૧૭૮ તબીબ વિદ્યાર્થીઓનો સર્વે કરાયો

જે તે રાજ્યની સરકારી મેડિકલ કોલેજો દ્વારા જેટલું સ્ટાઈપેન્ડ અપાય છે તેટલું સ્ટાઈપેન્ડ ખાનગી મેડિકલ કોલેજોમાંથી તેઓને મળતું નથી

રાજકોટ.તા.૨૬

નેશનલ મેડિકલ કમિશન દ્વારા ગુજરાત સહિત દેશનાં ૧૯ રાજ્ય અને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં પીજી મેડિકલના વિદ્યાર્થીઓનો સરવે કરાયો હતો. જેમાં કેટલા વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન શૈક્ષણિક સંસ્થા દ્વારા સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે કે કેમ તે જાણ્યું હતું. આ સરવે દરમિયાન કેટલીક ચોંકાવનારી બાબતો બહાર આવી હતી. આ સરવેમાં કુલ ૧૦,૧૭૮ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો જેમાંથી ૭૯૦૧ વિદ્યાર્થીના જવાબનું એનાલિસિસ કરવામાં આવ્યું હતું. સરવે દરમિયાન નેશનલ મેડિકલ કમિશનને જાણવા મળ્યું કે ગુજરાત સહિત દેશમાં ૨૭% વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ મળતું જ નથી, ૫૪% વિદ્યાર્થીઓને સરકારી મેડિકલ કોલેજ જેટલું પણ સ્ટાઈપેન્ડ મળતું નથી, જ્યારે ૧૫% વિદ્યાર્થીઓ પાસેથી સ્ટાઈપેન્ડ આપીને પાછું લઈ લેવામાં આવતું હોવાનું બહાર આવ્યું હતું.

હાલમાં જ નેશનલ મેડિકલ કમિશન દ્વારા ગુજરાત સહિતનાં ૧૯ રાજ્ય અને બે કેન્દ્રશાસિત પ્રદેશની ૨૧૩ પીજી મેડિકલ કોલેજના ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓનો સ્ટાઈપેન્ડ અંગે સરવે કરવામાં આવ્યો હતો અને જે તપાસમાં ૮ હજાર વિદ્યાર્થીએ સ્ટાઈપેન્ડ ન મળતું હોવાની કે અપૂરતું મળતું હોવાની ફરિયાદ કરી છે. નેશનલ મેડિકલ કમિશન દ્વારા દેશમાં આવેલી ખાનગી મેડિકલ કોલેજોમાં એમબીબીએસના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ સ્ટાઈપેન્ડ અને પીજીના વિદ્યાર્થીઓને ભણવા સાથેનું

સ્ટાઈપેન્ડ અપાય છે કે નહીં તે મુદ્દે ઓનલાઈન સરવે કરવામાં આવ્યો હતો. જેમાં દેશના ૧૦,૧૭૮ વિદ્યાર્થીએ સરવેમાં ભાગ લીધો હતો અને કમિશનને મળેલા ૭,૯૦૧ વિદ્યાર્થીઓના જવાબોનું એનાલિસિસ કરવામાં આવ્યું હતું.

હજારોની સંખ્યામાં કમિશનને મળેલી આ સ્ટાઈપેન્ડ ફરિયાદોને લઈને કમિશને કડક આદેશ કર્યો છે અને ખાનગી મેડિકલ કોલેજોને નોટિસ આપતા જણાવ્યું છે કે મેડિકલ એજ્યુકેશનના રેગ્યુલેશન્સ મુજબ ફરજિયાત સ્ટાઈપેન્ડ આપવું પડશે. જે ખાનગી મેડિકલ કોલેજ સ્ટાઈપેન્ડ નહીં આપે તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. તમામ ખાનગી મેડિકલ કોલેજે ફરજિયાતપણે પોતાના રાજ્યમાં આવેલી સરકારી મેડિકલ કોલેજ દ્વારા જેટલું સ્ટાઈપેન્ડ અપાય છે તેટલું જ સ્ટાઈપેન્ડ વિદ્યાર્થીઓને આપવું પડશે.

પીજી મેડિકલમાં અભ્યાસ કરતા ૨,૧૧૦ વિદ્યાર્થીએ નેશનલ મેડિકલ કમિશનને સરવે દરમિયાન જણાવ્યું કે તેઓને કોલ

એક જ ચર્ચાઃ પદાધિકારીઓની પસંદગી પૂર્વે અસંતોષની કવિતા કોણે લખી?

અસંતોષ કવિતાની પ્રદેશમાં નોંધ લેવાયાની ચર્ચાઃ અસંતોષની કવિતા લખી વાયરલ કરનાર કોણ??

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૬

ટૂંક સમયમાં થનારી રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓની પસંદગી પૂર્વે અસંતોષની કવિતા કોણે લખી તે અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ મેયર સહિતના નવા પદાધિકારીઓની નિયુકિત આગામી મહિને થનાર છે અને ઉપરાંત લાંબા સમયથી મોરચાના પ્રમુખ-મહામંત્રીઓના નામ પણ અટકયા છે તેમ સમયે કવિતા વાયરલ કરીને મોવડીઓ સુધી પહોંચાડવાનો પ્રયાસ છે તથા આ અંગે મોવડી મંડળને હવે નોંધ લેવી પડે તેવી પણ સ્થિતિ છે.

ટૂંક સમયમાં થનારી રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓની પસંદગી પૂર્વે અસંતોષની કવિતા કોણે લખી? અત્યારે શા માટે વાયરલ કરવામાં આવી? આ અંગે ચર્ચાઓ જોરશોરથી શરૂ થઈ ગઈ છે.

મહાનગરપાલિકાના પદાધિકારીઓની નિમણૂંકમાં વ્હાલા-દવલાને બેસાડી ચોકકસ એક જૂથને બેસાડી દેવામાં આવે તે પૂર્વે અસંતોષની કવિતા વાયરલ કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વિધાનસભાની ચૂંટણીમાં ટિકીટ મુદ્દે ઉપલાકાંઠામાં જે રીતે સેન્સની પાર્લીયામેન્ટ્રી બોર્ડ સુધી રજૂઆતો અને પ્રતિ રજૂઆતો થઈ હતી તે પછી સર્જાયેલા વાતાવરણ અને સંગઠનની નવી રચના તથા શિક્ષિણ સમીતીના સભ્યોની નિયુકિતમાં પણ વ્હાલા-દવલાને ધુસાડાયા તેના માટે મામા-ભાણેજ શબ્દનો ઉલ્લેખ થયો છે.

ટૂંકમાં મેયર સહિતના નવા પદાધિકારીઓની નિયુકિત આગામી મહિને થનાર છે ત્યારે અસંતોષની કવિતા કોણે લખી? અને અત્યારે શા માટે વાયરલ કરવામાં આવી? તેને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. કોના કહેવાથી કોણે અસંતોષની કવિતા લખી વાયરલ કરવામાં આવી ? તે અંગે મૂળ શોધવા તપાસ શરૂ કરાઈ હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે. વાયરલ થયેલ અસંતોષની કવિતાની નોંધ પ્રદેશમાં લેવાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

પદાધિકારીઓની પસંદગી પૂર્વે અત્યારે અસંતોષની કવિતા વાયરલ શા માટે કરવામાં આવી? કોના કહેવાથી કરવામાં આવી? સહિતની બાબતોને લઈને મૂળ સુધી પહોંચવા અંદરખાને તપાસ શરૂ કરી દેવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

સોશિયલ મીડિયામાં સાયબર ક્રાઈમના વધતા જતાં બનાવો

રાજકોટમાં ૮ માસમાં સાયબર ફ્રોડની ૨૩૫૩ ફરિયાદ

ચાર વર્ષનું સરવૈયું રજૂ કરતું સાયબર ક્રાઈમઃ ગઠીયાઓથી સાવધાન રહેવા લોકોને અપીલ કરતા એસીપી રબારી

રાજકોટ તા.૨૬

સોશિયલ મીડિયામાં સાયબર ક્રાઈમના વધતા જતા બનાવોને લઈને લોકોને જાગૃત રહેવા સાયબર ક્રાઈમની ટીમ દ્વારા અપીલ કરવામાં આવી છે અને આ સાથે જ પોલીસે ચાર વર્ષનું સરવૈયુ રજુ કર્યું છે જેમાં ચાર વર્ષના સરવૈયામાં આ વર્ષે

માત્ર ૮ મહિનાના સમયગાળામાં ફ્રોડની ૨,૩૫૩ ફરિયાદ નોંધાય છે જેમાં લોકોએ ૧૫.૮૨ કરોડ ગુમાવ્યા હોવાનું સામે આવ્યું છે. ઓનલાઈન છોડ ના વધતા કિસ્સાઓથી હાહાકાર મચી ગયો છે અને પોલીસ લોકોને સાયબર ક્રાઈમનો ભોગ બનતા અટકાવવા કમળ કશી રહી છે ડિજીટ્લ લેવડ દેવડ વધતા દેશમાં સાઈબર ક્રાઈમના ગુનાઓમાં ઉછાળો આવ્યો છે. ઠગ લોકો દરરોજ નવી નવી રીતે લોકોને ઓનલાઈન ફ્રોડનો શિકાર કરતા હોય છે. સાઈબર ક્રાઈમના કેસોની સંખ્યા વધતાં ગૃહમંત્રાલયના નિર્દેશ પર પોલીસ વિભાગને એક નવો હેલ્પલાઈન નંબર ૧૯૩૦ શરૂ કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાય વર્ષોમાં દેશમાં ડિજીટલ તથા ઓનલાઈન બેંકીંગનું ચલણ વધી રહ્યું છે. તો દરરોજ સાઈબર ક્રાઈમ સાથે જોડાયેલી ઘટનાઓ પણ ઘટી રહી છે. જો કે, જ્યારે આપણી સાથે ક્યારેય આવું બને છે, તો જાણકારીના અભાવે આપણે છેતરપીંડી કરતા લોકો વિરુદ્ધ એકશન લઈ શકતા નથી. ત્યારે આવા સમયે અમુક એવી રીત છે, જેમાં આપ મીનિટોમાં ફરિયાદ નોંધાવી શકો છો. તેના માટે સૌથી

પહેલા સાઈબર પોર્ટલ પર ફરિયાદ નોંધાવી શકે છે. સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં ઓનલાઈન ફ્રોડની ફરિયાદોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે અને દરરોજ અનેક લોકો ગઠિયાઓનો ભોગ બની રહ્યા હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાઇ રહી છે ત્યારે પોલીસ દ્વારા ઓનલાઇન ફ્રોડનો ભોગ બનતા લોકોને જાગૃત કરવા માટે અવનવી જાહેરાતો અને પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે તેમ છતાં સાયબર ક્રાઈમના બનાવોમાં દિન બદીન વધારો થઈ રહ્યો છે ત્યારે રાજકોટ સાયબર ક્રાઈમની ટીમે સોશિયલ મીડિયામાં સાયબર ક્રાઈમના વધતા જ તા કેસો અંગે ગંભીરતા દાખવી છેલ્લા ચાર વર્ષનું સરવૈયું રજૂ કર્યું છે અને લોકોને જાગૃત રહેવા અપીલ કરી છે રાજકોટ સાયબર ક્રાઈમના એસીપી વિશાલ રબારીએ રજુ કરેલા ચાર વર્ષના સરવૈયામાં ૨૦૨૦ માં કુલ ૨૪૨૮ અરજીઓ આવી હતી જેમાં રૂ.૬૫૭૩૫૮૨૦ ની છેતરપિંડી થઈ હતી જેમાં પોલીસે રૂ.૨૫૨૧૮૯૮૪ ની રકમની રિકવરી કરી હતી જ્યારે ૨૦૨૧ માં ૧૩૬૦ અરજીઓ આવી હતી. જેમાં છ ૬૮૯૭૦૮૦૨ ની રકમની છેતરપિંડી થઈ હતી જ્યારે પોલીસે કાર્યવાહી કરી ૧૦૩૫૦૬૭૭ ની રકમની રિકવરી કરી હતી વર્ષ ૨૦૨૨માં કુલ ૩૧૦૬ અરજીઓ આવી હતી જેમાં રૂ.૧૪૯૯૮૫૩૯૭ ની રકમની છેતરપિંડી થઈ હતી જ્યારે જેમાં પોલીસે રૂ.૧૯૫૯૫૮૨૧ ની રકમની રિકવરી કરી હતી જ્યારે ૨૦૨૩ ના માત્ર આઠ મહિનામાં કુલ ૨,૩૫૩ અરજીઓ પોલીસ સમક્ષ આવી છે જેમાં રૂ.૧૫૮૩૬૬૪૪૫ કરોડની રકમની છેતરપિંડી થયાનું પોલીસ ચોપડે નોંધાયું છે જેમાં પોલીસે રૂ.૧૨૦૮૫૮૦૦ ની રકમની રિકવરી કરી છે ક્રાઈમ સાયબર ક્રાઈમ દ્વારા રજૂ કરાયેલા ચાર વર્ષના સરવૈયામાં જોવામાં આવે તો ૨૦૨૩ ના ચાલુ વર્ષમાં માત્ર આઠ મહિનાના ટૂંકા ગાળામાં સૌથી વધુ ફરિયાદો નોંધાય છે અને સૌથી વધુ રોકડની છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું છે જેથી સાયબર ક્રાઈમની ટીમે ચાર વર્ષનું સરવૈયું રજૂ કરતાની સાથે જ લોકોને જાગૃત રહેવા અને ગઠીયાઓથી સાવધાન રહેવા લોકોને અપીલ કરવામાં આવી છે.

રાજકોટ યાર્ડમાં નવા અડદની આવક શરૂઃ એક મણના રૂ.૧૮૩૫

ગત વર્ષ કરતા ૨૦૦ રૂ. ઉંચા ભાવે સોદા પડયાઃ નવી મગફળીની વધુ ૨૫૦ ગુણીની આવકો

રાજકોટ તા. ૨૬ : રાજકોટ માર્કેટયાર્ડમાં આજે ચોમાસુ નવા અડદની આવકો શરૂ થઇ હતી અને ગત વર્ષ કરતા ચાલુ વર્ષે ઉંચા ભાવે સોદા પડયા હતા. રાજકોટ યાર્ડમાં આજે નવા અડદ (ચોમાસુ)ની ૧૦ કવીન્ટલની આવક થઇ હતી. અભેપર ગામના ખેડુત વ્રજલાલ છગનભાઇ આ અડદનો જથ્થો વેચવા માટે લાવ્યા હતા અને રઘુવીર ટ્રેડર્સ નામના પેઢીએ એક મણના ૧૮૩૫ રૂ. લેખે ખરીદી કરી હતી. યાર્ડમાં આજે જુના અને નવા અડદની કુલ ૫૦ કવીન્ટલની આવકો થઇ હતી વેપારી સૂત્રોના જણાવ્યા મુજબ ગત વર્ષ કરતા ચાલુ વર્ષે અડદમાં ૨૦૦ રૂ. ભાવ વધારે છે ગત વર્ષે અડદ એકમણના ભાવ ૧૬૦૦ રૂા. હતા. દરમિયાન રાજકોટ યાર્ડમાં આજે નવી મગફળીની વધુ ૨૫૦ ગુણીની આવકો થઇ હતી નવી મગફળી એકમપના ૯૭૦ થી ૧૨૯૦ રૂ. ના ભાવે સોદા પડયા હતા.



SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.